Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. પોષ. સંવત ૧૯૬૮. શાકે ૧૮૩૩. અંક ૧૦ મો.

ગુર્જર ભાષાન્તરિત.

## કલ્યાણ મંદિર સ્તોત્ર.

[અનુવાદક–માવજી દામજી.]

[અનુસંધાન પૃષ્ટ ૨૬૧]

વસંતતિલકાવૃત્ત.

જેમાં હતાં હરિહરાદિ હત પ્રભાવો,
હે નાથ ! તે મદનનો મદ તેં હઠાવ્યો;
જે નીરથી *હુતભુજો બહુ શાંત થાયે,
શું તે ન પીધું વાળવાનળ અગ્નિ કાયે. ૧૧
સ્વામિન્ અચિંત્ય મહિમા યુતને તમોને,
ભવ્યો અહો ! હૃદય કેમ ધરે સમાને;

* અગ્નિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મોદધિ ઝટ તરે અતિ સ્હેલ થાય,
" મોટા પુરૂષ મહિમા નહિં ચિંતવાય. ૧૨

હે નાથ ! ક્રોધ મૂળ ભસ્મ કર્યો તમોએ,
દૂરે કર્યા કયમ પછી પ્રભુ કર્મ ચોરે;
શું બાળતી પણ નહિં ? શીત તે હિમોને,
ઉગેલ જંગલ તણાં નવ પલ્લવોને. ૧૩

હે નાથ ! યોગિ તમને પરમાત્મ વેષે,
જોતાં હમેશ હૃદયાંબુજ મધ્ય દેશે;
શું સંભવે કમળબીજ બીજે મનોજ્ઞ !
દૂરે કરી કમળ મધ્ય પ્રદેશ વિજ્ઞ ! ૧૪
ત્રૈલોક્ય નાથ ! તુજ ધ્યાન થકી ભજે છે,
ભવ્યો શરીર તજીને પરમાત્મને તે;
પાષાણુ ભાવ તજિને ઝટ ધાતુ ભેદો,
અગ્નિ સુયોગ થકી સ્વર્ણપણુંજ તેતો. ૧૫
હે નાથ ! ધ્યાન ધરતાં ભવિકો હૃદે જે,
તેનોજ આપ કયમ નાશ કરો સુજે તે;
નિશ્ચે શરીર જીવ વિગ્રહ એવું તાંત,
નિષ્પક્ષપાતી ! વિરલા કરતાંજ શાંત. ૧૬
આત્મા ! જિનેંદ્ર ! તુજથીજ અભેદ બુદ્ધે,
ધ્યાયેલ છે મનીષિ[૧] આપ પ્રભાવ શુદ્ધે;
શું ચિંતવેલ પણ પાણી સુધા સમાન,
નિશ્ચે કરે વિષવિકાર દૂરે ન જાણુ. ૧૭
નિર્દોષ નાથ ! સુરપૂજ્ય ! કુવાદિયોએ,
માનેલ છે હરિ હરાદિ પણે તમોને;
હે નાથ ! શુકલ પણ શંખ ન શું જણાયે !
જ્યાં હોય રોગ કમળોજ વિવિધતાયે. ૧૮
ધર્મોપદેશ સમયે નજિક પ્રભાવે,
નિશ્ચે અશોક તરૂનો પણ શોક જાવે;
ઉગે છતે દિનપતિ ન પ્રકાશ પામે ?,
શું મર્ત્યલોક તરૂ પર્વત સાથ સામે. ૧૯

૧ બુદ્ધિવંત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ્ચર્ય ! નાથ ! થતી એ સુર પુષ્પ વૃષ્ટિ,
ચોમેર નીચું ગગને બીટ હોય સૃષ્ટિ;
પ્રત્યક્ષ આપ યદિ હો સુમનો જનોને[૧]
નીચેજ જાય ઝટ બંધન નીચ તો તે. ૨૦

( અપૂર્ણ. )

---

શ્રીમાન્ હરિભદ્રસુરી વિરચિત.

# जिन चैत्यवंदन विधि.

## (तृतिय पञ्चाशक.)

### શ્રીમાન્ અભયદેયસૂરિ કૃત ટીકા ઉપરથી સંક્ષિપ્ત વ્યાખ્યા યુક્ત

લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી.

### પ્રસ્તાવના.

ગયા અંકમાં પૂજા પંચાશક આપવામાં આવેલ છે. જિન પૂજાના બે પ્રકાર પૈકી ભાવપૂજા ચૈત્યવંદનાદિથી થાય છે. તેનો વિધિ શાસ્ત્રકારે આ પંચાશકમાં બતાવેલ છે. તેમાં ચૈત્યવંદનાના પ્રકાર, તેના અધિકારી, દ્રવ્ય ભાવ ચૈત્ય વંદનાનું સ્વરૂપ, તે કોને અને કયારે સંભવે? તેનું ફળ, ખરા ખોટા રૂપીઆના દૃષ્ટાંતથી ચૈત્યવંદનાની ભાવના, ખોટા રૂપીઆ જેવી અશુદ્ધ ચૈત્યવંદનાનો નિષેધ. અને ખરા રૂપીઆ જેવી શુદ્ધ ચૈત્યવંદનાનું પ્રતિપાદન, ઉપરાંત જાતે વિધિ રસિક બનીને અન્ય મુગ્ધ જનોનું હિત કરવાની ધર્માચાર્યોને ભલામણ ઇત્યાદિ બહુ ઉપયોગી બાબતોનો સમાવેશ કરેલો છે. આ પંચાશકનો ભાવાર્થ લક્ષ પૂર્વક વાંચી તેનું મનન કરી તે પ્રમાણે વર્તન કરવા યોગ્ય છે. દ્રવ્ય પૂજામાં ઘણો વખત ગાળી ભાવપૂજા બીલકુલ નહીં કરનારા અથવા તો ટુંકામાંજ પતાવી દેનારાઓને આમાંથી કેટલુંક ધડો લેવા લાયક છે. દ્રવ્યપૂજાને ભાવપૂજાના ફળમાં પારાવાર અંતર છે. દ્રવ્યપૂજા ભાવ પૂજાનું કારણ છે, તેથી તે શ્રાવકોએ અવશ્ય કરવા લાયક છે; પરંતુ ખરી કાર્યસિદ્ધિ ભાવપૂજાવડે જ હોવાને લીધે દિનપરદિન તેનાપર વધારે લક્ષ આપવાની આવશ્યકતા છે. ॥ ઇત્યલમ ॥

### ભાવાર્થ પ્રારંભ.

૧ શ્રી વર્ધમાન સ્વામીને ભાવથી નમસ્કાર કરી, ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય રૂપ ત્રણ ભેદે, મુદ્રા વિધાન વડે વિશુદ્ધ એવું ચૈત્યવંદનવિધિનું સ્વરૂપ (સંક્ષેપથી ) કહીશ.

---

૧ સ્વચ્છ અંતઃકરણવાળાઓને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ એક નમસ્કાર.( સ્તુતિ ) વડે જઘન્ય ચૈ૦ જાણવું. "અરિહંત ચેઇયાણું" રૂપ દંડક પછી એક સ્તુતિ કહેવા વડે અથવા શક્રસ્તવ, અરિહંત ચેઇયાણું, લોગસ્સ, પુખ્ખર વર૦ અને સિદ્ધાણું૦ રૂપ પાંચ દંડકો અને પ્રસિદ્ધ ચાર થોઇઓ વડે મધ્યમ ચૈ૦ જાણવું. તથા ઉત્કૃષ્ટ ચૈત્ય૦ પ્રસિદ્ધ પાંચ દંડકો સાથે ત્રણ સ્તુતિયો તથા જયવીયરાયના પાઠથી થાય છે ( ચતુર્થ સ્તુતિ અર્વાચિન જ છે. ) તેમજ બીજા આચાર્યો એમ કહે છે કે પાંચ શક્રસ્તવના પાઠયુકત ચૈત્ય૦ સંપૂર્ણ કહેવાય. મતલબ કે પોષધાદિકમાં આજકાલ જે ચૈત્ય૦ પ્રચલિત છે તે ઉત્કૃષ્ટ, અને પ્રતિક્રમણ સમયે જે ચૈત્ય૦ વિધિ પ્રચલિત છે તે મધ્યમ ચૈત્ય૦ જાણવું. તે પણ 'પાંચ અભિગમ' 'ત્રણ પ્રદક્ષિણા' તેમજ પૂજાદિ વિધાન સહિત કરવું. એવી રીતે ચૈત્યવંદના ત્રણ પ્રકારે સમજવી. ( તે દરેકના પાછા ત્રણ ત્રણ ભેદ થઇ શકે છે. )

" અથવા પ્રકારાન્તરે તેના ત્રણ ભેદ બતાવે છે "

૩ અથવા સામાન્ય રીતે અપુનર્બંધક વિગેરે યોગ્ય જીવોના પરિણામ વિશેષ અથવા ગુણસ્થાનક વિશેષથી સર્વ જઘન્યાદિ પ્રકારવાળી ચૈત્યવંદના ત્રણ પ્રકારે જાણવી. એટલે અપુનર્બંધક ને જઘન્ય, અવિરત્ સમ્યગ દૃષ્ટિને મધ્યમ અને વિરતિવંતને ઉત્કૃષ્ટ અથવા અપુનર્બંધક પ્રમુખ દરેકને પણ પરિણામ વિશેષથી તે ત્રણે પ્રકારની ચૈ૦ જાણવી. કેમકે અપુનર્બંધક શિવાય બાકી બીજા સકૃત બંધક પ્રમુખ મિથ્યાદૃષ્ટિ જનોને શાસ્ત્રમાં ચૈત્ય વંદનાની યોગ્યતા રહિત હોવાથી, અધિકારી ગણ્યા નથી. અપુનર્બંધકાદિનેજ અધિકારી ગણ્યા છે. તેથી તે અપુનર્બંધકાદિકના અનુક્રમે શાસ્ત્રકાર સંક્ષેપથી લક્ષણ જણાવતા છતા કહે છે.

૪ હિંસાદિક પાપ કર્મ જે ગાઢ સંકિલષ્ટ પરિણામથી કરે નહિ, ભયંકર ભવ (સંસાર) ને સારો જાણે નહિ અને માતા, પિતા, દેવ, ગુરૂ પ્રમુખની સર્વત્ર ઉચિત મર્યાદા સાચવે, કયાંય પણ અનુચિત આચરે નહિ તેવા લક્ષણવાળાને અપુનર્બંધક જાણવો.

૫ ધર્મ શાસ્ત્ર શ્રવણ કરવાની (તીવ્ર) ઇચ્છા, ધર્મ સાધન કરવાનો (અત્યંત) રાગ, તેમજ દેવ ગુરૂની યથા સમાધિ ભકિત કરવાનો (આગ્રહપૂર્વક) નિયમ એ **સમકિતવંતનાં લક્ષણ છે.**

૬ માર્ગાનુસારી, શ્રદ્ધાવાન, સુખે સમજાવી શકાય એવો અનાગ્રહી, સ્વધર્મ કરણીમાં સાવધાન, સદ્દગુણરાગી, શકય અનુષ્ઠાનમાં આળસ વગરનો એવો ચારિત્રી—વિરતિવંત હોય.

૭ આ ઉપર કહેલા અપુનર્બંધકાદિક ભાવ વંદના કરવાના પણ અધિકારી છે. તે શિવાય બીજા મિથ્યાદૃષ્ટિ જનો તો દ્રવ્યવંદનાના પણ અધિકારી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે દ્રવ્યવંદનાં પણ ભાવવંદનાની યોગ્યતા છતે સંભવે છે. તેથી બાકીનાને તે તે કેવળ અપ્રધાન દ્રવ્યવંદના હોઈ શકે.

૮ અપુનર્બંધક થકી બીજા સકૃત્ બંધકાદિક મિથ્યા દૃષ્ટિ જીવોને આ ભાવ વંદના સંબંધી યોગ્યતા પણ બહુલ સંસારીપણાથી હોવી ઘટતી નથી. તેથી તેમને ભાવવંદના તો સંભવેજ નહીં. અને અપ્રધાન દ્રવ્ય વંદના તો અભવ્ય જીવોને પણ કહેલ છે તેથી તેવું દ્રવ્યવંદન સકૃત્ બંધકાદિકને પણ હોવું ઘટે એમ શાસ્ત્ર યુક્તિથી સમજી શકાય છે.

" દ્રવ્ય અને ભાવવંદનાનાં ચિન્હ શાસ્ત્રકાર જણાવે છે. "

૯ ચૈત્યવંદના કરતાં તેમાં ઉપયોગ (લક્ષ) ન હોય, તેના અર્થ (પરમાર્થ) ની વિચારણા ન હોય, વંદન યોગ્ય અરિહંતાદિકના પ્રગટ ગુણ ઉપર બહુમાન ન હોય, 'મને આ અતિ અદ્ભૂત દર્શનનો અપૂર્વ લાભ થયો–મને અપૂર્વ પ્રભુ વંદનાનો અવસર પ્રાપ્ત થયો' એવો પ્રમોદ પ્રાપ્ત ન થાય, તેમજ સંસારનો ત્રાસ ન લાગે તે દ્રવ્ય ચૈત્યવંદનાનાં ચિન્હ સમજવાં. તેથી વિપરીત સઘળાં સારાં લક્ષણ ભાવ ચૈત્યવંદનાનાં સમજી લેવાં.

" વળી બીજાં લક્ષણથી દ્રવ્ય ભાવ વંદના જણાવવાનો ભેદ કહે છે. "

૧૦ યથા અવસર (ત્રિકાળ) ચૈત્યવંદન વિધિ સાચવનાં, તદ્ગત ચિત્ત પ્રમુખ યોગ વ્યાપારવડે અને ચૈત્યવંદનાની વૃદ્ધિ તથા રોમાંચ યોગ ભાવ ચૈત્ય૦ અને તેથી વિપરીત દ્રવ્ય ચૈત્ય૦ જાણવી.

" ઉક્ત લક્ષણોમાં ભાવનું પ્રધાનપણું દર્શાવવા કહે છે. "

૧૧ એક વાર ઉત્પન્ન થયેલો શુભ ભાવ પ્રાયઃ વધારે રૂડા ભાવને ઉત્પન્ન કરે છે તેથી ચૈત્યવંદનામાં બીજાં લક્ષણ કરતાં એકાદ વાર ભાવવૃદ્ધી થવી તે શ્રેષ્ઠ લક્ષણ જાણવું.

"તેજ વાત દૃષ્ટાન્તથી સિદ્ધ કરી બતાવે છે."

૧૨ જેમ શરીરમાં સંચરેલું અમૃત પરિણમ્યું ન હોય તોપણ સુખદાયીજ થાય છે, તેમ ભાવ ને મોક્ષના હેતુરૂપ અમૃત તુલ્ય અન્ય શાસ્ત્રકારોએ પણ દર્શાવેલ છે.

૧૩ મંત્રાદિક સાધવામાં પણ કલ્યાણ ભાગી જનો યથા અવસર પ્રમાદ રહિત ઉદ્યમ કરે છે તો એથી અધિક ભાવ (પરમાર્થ) વાળી ચૈત્યવંદનામાં ભવ્ય જનોએ અધિક યત્ન કરવો જોઇએ. કેમકે આથી મોક્ષ પર્યંત મહા સુખની પ્રાપ્તિ થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ ભાવ ચૈત્યવંદનાથી મક્રમપણે મોક્ષરૂપ પરમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી દિ વિધાન કરતાં તે અધિક છે. તેમજ ફલની અધિકતા અનુસાર તેમાં યત્ન અધિકજ કરવો જોઇએ.

૧૫ પ્રાય: ભાવવંદના યોગ્ય વિધિમાં ઉદ્યમ કરતાં આ લોક સંબંધી પણ ા સંભવતી નથી. અને કદાચ તેવાજ નિકાચિત કર્મયોગે હાનિ જણાય તો-તેનો પરિણામની વિશુદ્ધિથી છેદ થઇ જાય છે. જયારે ઉત્તમ ભાવથી ક્ષણ માં મોક્ષ પ્રાપ્તિ થાય છે તો પછી આ લોક સંબંધી ક્ષણિક હાનિનો તો શીઘ્ર થાય તેમાં કહેવું જ શું!

૧૬ આ ભાવવંદન મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનારને ચોરાદિકના ઉપદ્રવથી વા કોટ-કિલ્લા જેવું અન્ય શાસ્ત્રકારોએ પ્રકાશેલું છે. તે સમ્યગ્ રીતે વિચારી ું એટલે એ સંબંધી વધારે ઉલ્લેખ કરવાથી સર્યું.

" હવે મુદ્રા સંબંધી શાસ્ત્રકારો જણાવે છે. "

૧૭ પંચાંગ પ્રણામ અને શક્રસ્તવ પ્રમુખ સ્તવના **યોગમુદ્રા** વડે રવામાં આવે છે. 'અને અરિહંત ચેઇયાણં' ઇત્યાદિ દંડક પાઠવડે જિન બિંબાદિકની સ્તવના **જિનમુદ્રા**વડે કરાય છે. આ મુદ્રા પગ આશ્રી છે અને ોગ મુદ્રા હાથ આશ્રી છે. તે બંનેનો ઉપયોગ ફકત 'વંદનામાં' થાય છે. અને 'જય વીયરાય' 'જાવંત કેવિસાહુ' તેમજ જાવંતિ ચેઇયાઇંરૂપ 'પ્રાણુ ઘાત ત્રિક' **મુકતા શુકિત** મુદ્રાવડે કરવામાં આવે છે.

૧૮ બે ઢીંચણ, બે હાથ અને પાંચમું ઉત્તમાંગ—મસ્તક, એ પાંચ અંગો સમ્યગ્ ભકિતથી પૃથ્વી ઉપર લગાડતાં તે વડે પંચાંગ પ્રણિપાત થયો જાણવો.

૧૯ માંહોમાંહે દશ આંગળીઓ આંતરી, કમળના દોડાના આકારે બંને હાથો રાખી, પેટની ઉપર હાથની કોણીઓ સ્થાપી રાખવાથી **જોગમુદ્રા** થાય છે. **સમાધિ મુદ્રા** હોવાથી બંને હાથ જોડી રાખવા તેનું નામ જોગમુદ્રા છે.

૨૦ આગળના ભાગમાં ચાર અંગુળ જેટલા પહોળા અને પાછળના ભાગમાં તેથી કંઇક ઓછા પહોળા બે પગ રાખી કાયોત્સર્ગ કરવાથી **જિનમુદ્રા** થાય છે. વિઘ્ન-ઉપદ્રવને જીતવા સમર્થ હોવાથી તે જિનમુદ્રા કહેવાય છે.

૨૧ માંહોમાંહે આંગળીઓ આંતરી ન હોય એવા બે હાથ પોલા રાખી લલાટ (ભાલ) સ્થળે સ્થાપ્યા હોય (કે ન સ્થાપ્યા હોય) તે **મુકતા શુકિત** મુદ્રા સમજવી. મુકતાશુકિત નામ મોતીની સીપનું છે.તે સીપના આકારે કરવામાં આવતી મુદ્રા તેનાજ નામે **મુકતા શુકિત** કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૨ ચૈત્ય વંદનામાં આવતી મુદ્રાદિક ક્રિયા, પદ અને અકારાદિ વર્ણને વિષે તથા તેના અર્થને વિષે અને સાક્ષાત્ જિનબિંબને વિષે સર્વત્ર છિન્ન જવાળાની પેરે ઉપયોગનું અનુસંધાન હોવું ઘટે છે. જેમ દીપક પ્રમુખની પ્રભા એક ઘરમાં છતી સામા ઘરમાં પ્રકાશે છે તેથી જોકે વચલા અંતરમાં જણાતી ન હોય તોપણ તેનું અનુસંધાન હોવું ઘટે છે. તેવી રીતે ઉકત સર્વ ક્રિયાદિકમાં પણ ઉપયોગનું અનુસંધાન હોઇ શકે છે. કોઇ એક ક્રિયાદિકમાં ઉપયોગ મુખ્ય પણે વર્તતા અન્ય અર્થાદિકમાં પણ તે હોવો ઘટે છે. મતલબ કે અભ્યાસ યોગે ઉપયોગ સર્વ ફરી વળે છે.

૨૩ છિન્નજવાળામાં જવાલાનો ઉચ્છેદ હોય ત્યારે પણ અન્ય પરિણામને પામેલા એવા જવાળા--પરમાણુઓની સત્તા તો હોયજ છે. નહિંતો જવાળાની પ્રાપ્તિજ થાય નહિ. તેમ જે અર્થાદિકમાં પ્રગટ ઉપયોગ વર્તતો હોય તે શિવાય બીજા પણ વિષયોમાં ચિત્તનો ઉપયોગ વ્યકતપણે નહિ જણાવતાં છતાં તે તેમાં સામાન્ય પણે વર્તે છે.

૨૪ ક્ષાયોપશમિક ભાવે આત્માના સ્વભાવિક રૂડા પરિણામ વડે પરમ આદરથી કરવામાં આવેલું ચૈત્યવંદનાદિક શુભ અનુષ્ઠાન કરતાં કરતાં તથાવિધ કર્મ દોષથી કદાચ તૂટી ગયું હોય ( તૂટી ન ગયું હોય—કાયમ રહ્યું હોય તેનું કહેવુંજ શું ? ) તોપણ ફરીને જે ભાવમાં તે કરાયું હતું તે ભાવની વૃદ્ધિ કરનાર થાય છે માટે મોક્ષ હેતુરૂપ શુભ ભાવની વૃદ્ધિ કરનાર હોવાથી ઉકત વંદનામાં ( અધિક ) પ્રયત્ન કરવો ઘટે છે.

આ વાત પ્રાયઃ શાસ્ત્રોકત પ્રકારે ધર્મવાસિત બુદ્ધિવંત જનોને અનુભવ સિદ્ધ હોય છે તેથી તે લોકોત્તર બુદ્ધિવડે બુદ્ધિવંત જનોએ સમ્યગ્ અવધારવી જોઇએ.

" હવે પરિશુદ્ધ વંદનાનું ચિન્હ બતાવે છે "

૨૫ મોક્ષ સુખના અર્થી જનોને સમ્યગ્ જ્ઞાનાદિક જે મોક્ષના કારણ તેને માટે જેમ જિજ્ઞાસા અવશ્યની છે તેમ તે જિજ્ઞાસા પ્રમુખ આ શુદ્ધ વંદનાનું ખાસ લિંગ છે. કેમકે તેથી શુદ્ધ વંદનાનું યથાર્થ સ્વરૂપ જાણીને સુખે સેવી શકાય છે.

૨૬ ઉદ્વેગાદિક દોષોને તજી ચિત્તને સ્વસ્થ રાખવું, તત્ત્વ સ્વરૂપમાં પ્રીતિ લગાવવી અને આનંદકારી તત્ત્વ—જિજ્ઞાસા (જાણવાની અભિરૂચિ રાખવી) તે વિગેરે પ્રાયઃ સમ્યગ્જ્ઞાન દર્શનાદિક આત્મગુણનો અભ્યુદય થવામાં કારણરૂપ થાય છે એમ પાતંજલાદિક યોગ શાસ્ત્રોમાં સારી રીતે સિદ્ધ કરી બતાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"જિજ્ઞાસા રૂપ ચિન્હવાળી શુદ્ધ વંદના કયારે પ્રાપ્ત થાય તે કહે છે."

૨૭ પ્રથમ કરણ—યથાપ્રવૃત્તિ કરણ ઉપરાંત વર્તતા એવા અપુનર્બંધક પ્રમુખ જનો, જેઓ કદાગ્રહ રહિત હોય છે, તેમને આ ઉપર જણાવેલી શુદ્ધ–નિર્દોષ વંદના હોવી ઘટે છે. પણ બીજા અયોગ્ય જનોને તે હોવી ઘટતી નથી. તે કરણ ત્રણ પ્રકારનાં પ્રગટપણે શાસ્ત્રમાં કહ્યાં છે.

૨૮ યથાપ્રવૃત્તિ કરણ પહેલું (તે તો અનાદિ સંસારમાં અભવ્ય જીવોને પણ કઇ વખત પ્રાપ્ત થાય છે). બીજું અપૂર્વ કરણ (અનાદિ સંસારમાં પૂર્વે પ્રાપ્ત નહિ થયેલું એવું અપૂર્વ હોવાથી) અને ત્રીજું અનિવૃત્તિ કરણ (જે મોક્ષરૂપી વૃક્ષના બીજ સમાન સમ્યકત્વને પામ્યા વગર પાછું ન વળે તે) તેમાં બીજું અને ત્રીજું કેવળ ભવ્યજનોને જ પ્રાપ્ત થાય છે, બીજા અભવ્યને તો કેવળ પ્રથમ યથાપ્રવૃત્તિ કરણ જ પ્રાપ્ત થાય છે. પછીના બે કરણ પ્રાપ્ત થઇ શકતાં જ નથી. જીવના અધ્યવસાય વિશેષને શાસ્ત્રકાર **કરણ** કહે છે.

"ત્રણ કરણોનો વિભાગ-વિવેક બતાવે છે."

૨૯ નિબિડ રાગ–દ્વેષના પરિણામરૂપ ગ્રંથિ પ્રદેશે પહોંચતાં સુધી પ્રથમ કરણ હોય છે. ઉક્ત ગ્રંથીને ભેદનારને બીજું અપૂર્વ કરણ પ્રાપ્ત થાય છે, અને ત્રીજું અનિવૃત્તિ કરણ તો જેને સમ્યકત્વની પ્રાપ્તિ અવશ્ય તરતમાંજ થવાની હોય તેનેજ પ્રાપ્ત થાય છે. મતલબ કે અનિવૃત્તિ કરણ કરી જીવ તરતજ સમકિત પામે છે.

૩૦ આ ઉપર જણાવેલા વિવેકથી શુદ્ધ વંદનાનો લાભ મળે છે. તથા અનાદિ સંસાર ચક્રમાં ભમતાં દ્રવ્યલિંગે તો આ વંદના સંબંધે એટલા બધા આદરથી આલોચના કરવી કે તે આત્માને મોક્ષને માટે જ થાય. મતલબ કે હવે શુદ્ધ વંદના જ કરવી.

૩૧ શુદ્ધ વંદનાયોગે જીવને અર્ધ પુદ્ગલ પરાવર્તનથી અધિક સંસાર ભ્રમણ રહેતું જ નથી. એમ જિન આગમમાં સ્પષ્ટ જણાવેલું છે.

૩૨ ઉપર જણાવેલી શાસ્ત્ર–યુક્તિથી બુદ્ધિવંત જનોએ આ ચૈત્યવંદનાનો સારી રીતે વિચાર કરવો. કેમકે (જેમતેમ) ચૈત્યવંદના કરવા માત્રથી નિર્વાણ પદની પ્રાપ્તિ થઇ શકતી નથી. કેવળ શુદ્ધ વંદનાથી જ તેની પ્રાપ્તિ થાય છે.

૩૩ વળી આવશ્યક નિર્યુક્તિ પ્રમુખ શાસ્ત્રોમાં ચાર પ્રકારના સાચા ખોટા રૂપીઆનું દષ્ટાંત શાસ્ત્રના જાણ પુરૂષો કહે છે, તે પણ અત્ર ચૈત્યવંદનાના પ્રસંગે સારી રીતે વિચારવા યોગ્ય જ છે. "તે ચાર ભેદ બતાવે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૫ જેમાં સોનું રૂપું વિગેરે સાચું અને છાપ પણ સાચી તે રૂપીઓ સાચો સમજવો. જેમાં છાપ ખરી ન હોય અને સોનું રૂપું પ્રમુખ સાચું હોય તે રૂપીઓ સર્વથા શુદ્ધ નથી (તો પણ તે મૂળ શુદ્ધ હોવાથી સારો છે.)

૩૬ સોનું રૂપું વિગેરે ખોટું છતાં ઉપર છાપ સાચી હોય તો તે રૂપીઓ ખોટો જ જાણવો. તેમાં વળી છાપ પણ ખોટી હોય (અને મૂળ ધાતુ તો ખોટી છે જ) તેનું તો કહેવું જ શું? તે તો સ્પષ્ટપણે ખોટો જ કહેવાય. ઉપર કહેલા ચાર પ્રકારમાં પહેલા પ્રકારથી પૂર્ણ ફળ, બીજાથી કંઇક અધુરૂં ફળ અને ત્રીજા ચોથાથી તો મુગ્ધજનોને છેતરવા શિવાય બીજું કશું ફળ નથી.

૩૭ ત્રીજા ચોથા પ્રકારમાં જણાવેલું મુગ્ધજનોને છેતરવારૂપ અનર્થકારી અથવા સ્વપરને અપકારકારી ફળ આ પ્રસ્તાવે અનુપયોગી હોવાથી જણાવ્યું નથી. ફક્ત આગમ અનુસારે આત્મગત મોક્ષાદિક ફળ જ આવી રીતે ચિંતવવું ઘટે છે.

"ઉપનયવડે યથાક્રમ જણાવે છે."

૩૮ અપુનર્બંધકાદિકને ઉચિત એવા શ્રદ્ધાન અને ભક્તિરૂપ ભાવવડે અને છાપરૂપ શુદ્ધવર્ણાદિ તેમજ તદુચિત ક્રિયાવડે કરાતી વંદના શુદ્ધ વંદના. જાણવી, તે યથોદિત ગુણવાળી હોવાથી નિશ્ચયે મોક્ષફળને આપનારી છે, અને પ્રથમ પ્રકારના રૂપીઆ તુલ્ય છે.

૩૯ પૂર્વોક્ત શ્રદ્ધા અને ભક્તિભાવથી કરવામાં આવતી બીજાપ્રકારના રૂપીઆ જેવી ચૈત્યવંદના તેના અક્ષર, અર્થ વિગેરેથી અશુદ્ધ હોય તોપણ તે અભ્યાસ દશાને બહુ સુખકારી છે. અથવા મોક્ષાદિક ફળ આપવાવાળી હોવાથી શુભ—પ્રશસ્ત છે એમ તીર્થંકરાદિકોએ ફરમાવેલું છે. કેમકે ભાવશૂન્ય ક્રિયા અને ક્રિયાશૂન્ય ભાવ તે બંનેમાં ખજવા અને સૂર્ય જેટલું અંતર રહ્યું છે, મતલબ કે ભાવનીજ પ્રધાનતા છે.

૪૦ ભાવ વગરની વંદના વર્ણ—માત્રાદિકથી શુદ્ધ હોય તો પણ તે ત્રીજા પ્રકારના રૂપીઆ જેવી કુડી—ખોટી છે. અને ઉભય શુદ્ધિ વગરની વંદના તો ચોથા પ્રકારના રૂપીયાના જેવી હોવાથી ચાવત અનર્થ ફળને આપવાવાળી છે.

૪૧ પ્રાયઃ એવી અશુદ્ધ વંદના કિલષ્ટ પરિણામી—ભારેકર્મી જડબુદ્ધિ જનોનેજ સંભવે છે. અને તે પ્રાયઃ દુર્ગતિ (કુદેવત્વાદિક) ફળને આપે છે, તેમજ આવા દુષમ કાલમાં કાળદોષથી પ્રાયઃ એવી અશુદ્ધ વંદના પ્રવર્તે છે.

૪૨ અન્ય આચાર્યો તો આ નામમાત્ર જિન વંદનાને લૌકિક વંદના કહે છે.

* પહેલા ફારમમાં ૨૪ મી ગાથાની પછીના પારિગ્રાફને ૨૫ નો આંક જોઇએ, તે ન કરવાથી એક આંકની ભૂલ રહી છે, એટલે પહેલાં ફારમમાં ૩૩ ને બદલે ૩૪ ગાથાનો અર્થ આવેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી તેનું ફળ પણ તેવુંજ છે ( સાક્ષાત્ અનર્થ ફળવાળું કહેતા નથી. ) અથવા તેવી વંદના લૌકિક વંદના કરતાં કંઇ પણ વધારે મોક્ષાદિ ફળ રૂપે થતી નથી.

૪૩ એ ઉપર કહેલી વાત પણ યુક્ત છે કેમકે **ભાવયુક્ત જિનવંદનાનું સેવન નહિ કરવાથી મોક્ષાદિરૂપ તેના ઉત્તમ ફળની જેમ** ઉન્માદ પ્રમુખ અનર્થ ફળ થવું પણ ઘટિત નથી.

૪૪ જૈન વંદના તો, વિધિથી કરતાં મોક્ષાદિ ફળ આપે અને તેથી વિપરિત કરતાં વિપરિત ફળ આપે તેવી લૌકિક વંદના જેવી નથી. ઉક્ત ઉભય પ્રકારના ફળનો અભાવ જેમાં હોય એવી વંદના જૈની કેમ હોય ? અપિતુ નજ હોય. તેથી અર્થાનર્થ અભાવવાળી તે વંદના લૌકિક જાણવી. તેજ વાત સ્પષ્ટ નિર્ધારપૂર્વક સમજાવે છે.

૪૫ તે માટે ઉક્ત દુર્વંદના (જૈન સરખી દેખાતી) પૂર્વોકત યુક્તિથી લૌકિકજ જાણવી. તેમજ ઉક્ત વંદનામાં શુદ્ધ શ્રદ્ધાન તથા ભકિતનો અભાવ હોવાથી કેવળ અર્થશૂન્ય—ઉપયોગ શૂન્ય ' ઠાણેણં, મોણેણં, ઝાણેણં ' ઇત્યાદિક પદો ઉચ્ચારવાથી તે અવશ્ય મૃષાવાદરૂપ થાય છે. એમ વિચારી હૃદયે સાન લાવી તેવા અવિધિ દોષથી પાછા ઓસરી જેમ બને તેમ વિધિનો ખપ કરી શુદ્ધ ઉપયોગ સહિત ભાવ વંદના કરવી.

" વિધિ યુકત શુદ્ધ વંદનાની દુર્લભતા શાસ્ત્રકાર બતાવે છે. "

૪૬ શુભ ( સુખકારી ) ફળને ઉત્પન્ન કરી આપનાર ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામકુંભ, કામધેનુ પ્રમુખ લૌકિક પદાર્થો પણ અભવ્ય—અયોગ્ય જીવોને પ્રાપ્ત થતા નથી તોપછી પરમ પદ—મોક્ષના બીજરૂપ આ પરમ-વિશુદ્ધ પ્રભુવંદનાનું તો કહેવુંજ શું ? એતો કોઇ લઘુકર્મી—આસન્નભવી—અપુનર્બંધકાદિક જીવ વિશેષનેજ પ્રાપ્ત થઇ શકે છે. દીર્ઘ સંસારી-ભારે કર્મી જીવોને તેની પ્રાપ્તિ દુર્લભજ છે.

અભવ્ય—અયોગ્ય જનોને ઉકત શુદ્ધ જિનવંદનાની પ્રાપ્તિ થતીજ નથી. તેમજ ભવ્ય જીવોમાં પણ સર્વ કોઇને તેની પ્રાપ્તિ થતી નથી તે વાત શાસ્ત્રકાર બતાવે છે.

૪૭ જે આસન્નભવી છે તેજ અત્ર શુદ્ધ વંદના અધિકારે યોગ્ય જાણવા, **જાતિમાત્ર ભવ્ય** કંઇ યોગ્ય કહ્યા નથી. કેમકે તેવું જાતિમાત્ર ભવ્યપણું તો શાસ્ત્ર-સિદ્ધાંતમાં અનાદિ કાળનું (સહગત) કહેલું છે, પરંતુ તે કંઇ ઇષ્ટ ફળ-મોક્ષ પમાડનારૂં કહ્યું નથી. મતલબ કે સર્વ ભવ્યોને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી.

" જે ભવ્યજનો ઉક્ત જિનવંદનાને વિધિયુક્ત સેવે છે અથવા તેની યથાર્થ વિધિ ઉપર શ્રદ્ધા રાખે છે તેઓ આસન્નભવ્ય છે. તેમજ જેઓ ઉકત જિનવંદના તેમજ તેની વિધિનો દ્વેષ કરતા નથી તેઓ પણ આસન્નભવ્યજ છે એમ જણાવે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૮ જેમને યથાર્થ વિધિ તરફ દ્વેષ–તિરસ્કાર નથી તેઓ પણ કિલષ્ટ કર્મના ક્ષયોપશમથી શુદ્ધિને પામેલા હોવાથી આસન્ન ભવ્ય જાણવા. અને જેઓ સાક્ષાત્ વિધિયુકત જિનવંદનાદિ કરે છે અથવા ઉકત વિધિમાર્ગ ઉપર જેમની સારી શ્રદ્ધા છે તેમનું તો વળી કહેવુંજ શું ? તેઓ તો આસન્નભવ્ય છેજ એમ ચોકસ જાણવું. કિલષ્ટ કર્મવાળા ક્ષુદ્ર પરિણામી જીવોને તો શુદ્ધ વિધિ સંબંધી ઉપદેશ સિંહનાદ જેવો ત્રાસજનક જ લાગે છે.

"એવી રીતે વંદના સંબંધી વિધિ–અવિધિનું ફળ બતાવી વિધિનો ખપ કરવા ઉપદિશે છે."

૪૯ એવી રીતે પૂર્વાપર વિરોધ ન આવે તેમ આગમ ( શાસ્ત્રાર્થ ) સારીરીતે વિચારી મુગ્ધ–મંદ બુદ્ધિવાળા જીવોના હિતને માટે ધર્માચાર્યોએ સમ્યગ્ વિધિનો ખપ કરવો. મતલબ કે પૂર્વે જણાવ્યા મુજબ વિધિમાર્ગમાં પંડિત પુરૂષોએ પોતે પણ ખપ કરવો અને અન્ય યોગ્ય જનોને ઉકત વિધિમાર્ગના ઉપદેશ આપી તેમાં જોડવા. અથવા પોતે જ આગમ રહસ્ય જાણી વિધિ રસિક બની ક્રિયાનુષ્ઠાન પ્રમાદ રહિત કરવું, જેથી મુગ્ધજનો પણ સ્વહિતકારી શુદ્ધ માર્ગમાં સહેજે જોડાય.

૫૦ અત્ર પ્રસ્તાવે પંડિત જનોએ પક્ષપાત તજીને તીવ્ર ગ્લાનાદિકને દેવા યોગ્ય ઔષધાદિકનાં દ્રષ્ટાંત વિચારવા યોગ્યજ છે. તેમાં જેમ બાળ યુવાન કે વૃદ્ધ રોગીને ઉચિત કાળે ઉચિત પ્રમાણ ( માત્રા )થી ઉચિત પથ્ય કે ઔષધ અપાય તોજ તે તેને ગુણકારી થાય છે, નહિં તો ઉલટો નવો રોગ ઉત્પન્ન થાય છે અથવા તો પૂર્વલા રોગમાં વૃદ્ધિ થાય છે; તેમ સકળ કલ્યાણને સાધી આપનારી જિનવંદના સંબંધી નિયમો પણ યોગ્યનેજ વિધિ સાથે દેવામાં આવે અને તે પ્રમાણે પાળવામાં આવે તો તે ગુણકારી થાય છે. નહિ તો અનર્થકારીજ થાય છે. એમ સમજી તે સંબંધી વિશેષ અધિકાર મધ્યસ્થપણે ટીકા ઉપરથી જાણી સત્ય માર્ગ આદરવા સહાય ઉત્સુક થવું. ઇતિ શમ્.*

---

* આ પ્રકરણની બીજી ગાથાના અર્થમાં (ચતુર્થ સ્તુતિ અર્વાચિનજ છે) એમ જે લખેલું છે તે ટીકાકારનો અભિપ્રાય વાસ્તવિક છે, તોપણ તેમણે પૂર્વ સમર્થ મહાત્માની પુરૂષાએ કરેલી ચતુર્થ સ્તુતિ (થોઇ) ની આચરણા માન્ય રાખેલી છે, કેમકે લખને શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ પોતે પણ સંસાર દાવામાં ચતુર્થ સ્તુતિ કરેલી છે, એટલુંજ નહીં પરંતુ બીજા પણ અનેક આચાર્યોએ એ પ્રમાણેજ અનુકરણ કરેલું છે, વળી તે શ્રી હરિભદ્રસૂરિ પ્રમુખ સમર્થ આચાર્યોને આપણે તો પ્રાચીન લેખાએ છીએ, તેથી આપણી અપેક્ષાએ તો તે પ્રાચીનજ છે, કારણ કે તે આચરણા અલ્પજ્ઞ કે ભવભીરૂતા વિનાના આચાર્યાદિકે કરેલા નથી, માટે તે માનનીયજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चंदनचुडी.

વણિક અને બ્રાહ્મણ વિગેરે જ્ઞાતિઓમાં લગ્નાદિ પ્રસંગે અને કાયમને માટે પણ સ્ત્રીવર્ગમાટે હાથી દાંતની ચુડીઓ, છલ્લા અને બલોયાં વિગેરે કરાવવામાં આવે છે. હાલમાં કાળાનુસાર કેટલોક ફેરફાર થયો છે, તેથી કાચની બંગડીઓએ અને સોનાની તાસેલી બંગડીઓએ સ્થિતિના પ્રમાણમાં પ્રવેશ કર્યો છે; ઉપરાંત વિશેષ દ્રવ્યવાન હોય છે તેઓ હીરા માણેકની જડાવ તેમજ મોતીની બંગડીઓ પણ કરાવે છે. આ સઘળાઓ લગ્ન પ્રસંગે તો અવશ્ય થોડો ઘણો પણ હાથી દાંતની ચુડી વિગેરેનો ઉપયોગ કરે છે. કોઇ પણ સમયોચિત કારણને લઇને તેમાં પવિત્રતા નહીં હોવા છતાં માંગલિકતા મનાઇ ગઇ છે. એ માંગલિક પ્રસંગે ચંદનચુડી કરાવવાનું કહેવામાં આવે છે, ગીતમાં ગવાય છે. પરંતુ કરાવવામાં ચંદનને બદલે હાથી દાંત વપરાવા લાગ્યો છે. એનું મૂળ કારણ લભ્ય થઇ શકતું નથી.

કેટલાક વર્ષોથી એમ જાહેર થયું છે કે હાથીદાંતને માટે સંખ્યા બંધ હાથીઓને મારી નાંખવામાં આવે છે. આ બાબત છુટા હેંડબીલો પણ જીવદયા પરાયણ મી. લાભશંકર લક્ષ્મીદાસના પ્રયાસથી સંખ્યાબંધ વહેંચવામાં આવે છે. તેની તાત્કાલિક અસર થવા ઉપરથી કૃત્રિમ હાથીદાંત જેવા અન્ય પદાર્થની ચુડીઓ થઇ હતી અને તેનો કેટલોક પ્રચાર પણ થયો હતો, પરંતુ કેટલાક કારણથી તે ઉદ્યોગને ઉત્તેજન ન મળતાં તે પ્રવૃત્તિ નાશ પામી ગયા જેવી થઇ ગઇ છે.

હાલમા ચંદન શબ્દના ખરા અર્થને વળગી રહીને ચંદન એટલે સુખડની ચુડીઓ કરાવવાનો પ્રયત્ન વણથળી ખાતે મળેલા વીશા શ્રીમાળી જ્ઞાતિ સમુદાયના મેળાવડામાંથી શરૂ થયો છે. તે સમુદાયે ઠરાવ પણ કર્યો છે કે લગ્નાદિ પ્રસંગે હાથીદાંતની ચુડી કે બલોયાં ન કરાવતાં ચંદનની ચુડીઓ કરાવવી. આ ગોઠવણ બહુજ ઉત્તમ જણાય છે. ચંદન જેવી ઉત્તમ ને સુગંધી વસ્તુ-તેની ચુડીઓ પહેરવાથી બહુ પ્રકારના લાભ સંભવે છે. અમે જાતે ચંદનની ઉતરાવેલી ચુડીઓ જોઇ છે. તેને લાલ રંગાવવામાં આવે છે ત્યારે તેનો દેખાવ આબેહુબ દાંતની ચુડીઓ જેવોજ થઇ જાય છે. તેનાપર રંગ બહુ સારી રીતે ચડે છે. આવી ચુડીઓ વાપરવામાં મુખ્ય લાભ નીચે પ્રમાણે છે.

૧ હાથી દાંતની વપરાશ ઘટવાથી હાથી જેવા મોટા પ્રાણીઓનો વધ અટકશે—ઓછો થશે.

૨ દાંત કરતાં ખર્ચ ઓછો થશે.

૩ પહેરનારના હાથ સુગંધી રહેશે.

For Private And Personal Use Only

૪ દાંતની ચુડીની જેમ એકાએક ત્રુટી કે નંદવાઇ જશે નહીં—કોર ખરી જશે નહીં.

૫ એક બીજાની દેખાદેખીએ બીજાઓ અનુકરણ કરશે. કારણકે સારા ને સસ્તાનું અનુકરણ સૌ કરે છે.

આ ઉપરાંત બીજા પણ કેટલાક લાભો છે તે બીજે પ્રસંગે જણાવીશું. હાલ તો તરતમાં લખવાની આવશ્યકતા એ છે કે—આગળ લગ્નસરા આવે છે તો દાંત કરતાં સુખડને વધારે માંગળિકકારી પદાર્થ જાણી તેનો પ્રચાર શરૂ કરવામાં આવશે તો કાળે કરીને હાથીદાંતનો પ્રચાર તદ્દન બંધ થઇ જશે.

જૈન બંધુઓએ તો આ બાબત ખાસ ધ્યાન આપવા લાયક છે. કારણકે આમાં હિંસાનિષેધનો વિષય સમાયેલો છે. દાંત માટે હાથીઓને મારી નાખવામાં આવે-છે—મરેલાનાજ લેવામાં આવે છે એમ નથી. એમ હકીકત જાતે ત્યાં જનારાઓ કબુલ કરે છે. એટલુંજ નહીં પરંતુ શાસ્ત્રકારે દંત વાણિજ્ય એ કારણથીજ કર્માદાન ગણીને નિષેધેલું છે. આશા છે કે આટલા ઉપરથીજ આર્ય બંધુઓ અવશ્ય ચંદન-ચુડીનો પ્રચાર કરવાનું દિલ પર લેશે કે જેથી પરંપરાએ ઘણોજ લાભ થશે.

દુર્લભમ્.

# प्रस्ताविक दोहरा.

## માનનિષેધક.

માન કરે જે માનવી, તે નર તરણા તૂલ્ય;
આત્મગુણ અભિમાનથી, નાશ થાય જડ મૂળ. ૧

લઘુતામાં પ્રભુતા રહે, પ્રભુતાથી પ્રભુ દૂર;
વડો થયો ગજરાજ તે, માથે નાંખે ધૂર[1]. ૨

ચંદ્ર બીજનો દેખવા, રાય રંક સૌ જાય;
પુનમ દિન પૂરો થતાં, પડવાથી ક્ષય થાય. ૩

જુઓ જાત નેતર તણી, વધતાં તો વળી જાય;
વાંસ વધે ઉંચા ઘણા, વન્હિ[2] ભક્ષ તે થાય. ૪

સંપતિ વધતાં સજ્જનો, નમ્ર સ્વભાવી થાય;
અધમ જરા જર[3] દેખીને, ઘટ[4] ઉણો છલકાય. ૫

૧ ધૂળ. ૨ અગ્નિ. ૩ લક્ષ્મી. ૪ ઘડો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિત્ત[1] વિદ્યા વૈભવ વપુ,[2] પુત્ર અને પરિવાર;
કર્મે સુખ દુઃખ સંપજે, ગર્વ ન તજે ગમાર. ૬

રાવણ સતી સીતા હરી, કીધો ગર્વ પ્રચંડ;
દશ શિર રઝળ્યાં રણ વિષે, કહે શુભ સાંકળચંદ. ૭

# गृहस्थनां कर्तव्यो.

અનુસંધાન પૃષ્ઠ ૨૮૯ થી.

સર્વજ્ઞ પ્રણિત સદ્ધર્મની જેણે યોગ્યતા મેળવી છે એવા ગૃહસ્થે સાધુધર્મને યોગ્ય થવા માટે જે જે કર્તવ્યો કરવાં જોઇએ-જેવું વર્તન રાખવું જોઇએ તેને માટે ઉપમિતિભવ પ્રપંચા કથાગાં કહેલાં વાક્યો પૈકી છ વાક્યનું વિવરણ ગયા અંકમાં કરવામાં આવેલું છે. ત્યારપછી સાતમું વાક્ય **प्रवर्तितव्यं दानादौ**-દાનાદિકમાં પ્રવર્તવું, એ કહેલું છે. દાનાદિમાં એટલે દાન, શીળ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મમાં પ્રવર્તવું એટલે પ્રવૃત્તિ કરવી. અર્થાત્ દાન દેવું, શીળ પાળવું, તપ કરવો અને ભાવના ભાવવી. આ ચાર પ્રકારના ધર્મમાં તમામ ધર્મ ક્રિયાનો સમાવેશ થઈ શકે છે.

દાન દેવું એની અંદર સુપાત્રદાન, અનુકંપાદાન, અભયદાન-એ ત્રણ પ્રકારના દાનનો મુખ્ય સમાવેશ હોવાથી શ્રાવકના પહેલા ને છેલ્લા વ્રતનું બહુ સારી રીતે પ્રતિપાલન થઇ શકે છે. દાનના ભેદ સમજ્યા વિના વાસ્તવિક રીતે દાનધર્મમાં પ્રવૃત્તિ થઇ શકતી નથી. તેથી દાનના ભેદ અને તેમાં શ્રાવક યોગ્ય દાન કયા કયા છે તે સમજવાની જરૂર છે. દાનના દશ ભેદ બતાવેલા છે, તેમાં પાંચ દાન મુખ્ય કહેલા છે. ઉપર બતાવેલા ત્રણ પ્રકારના દાનમાં ઉચિત દાન, ને કીર્તિદાન ભેળવતાં પાંચ પ્રકાર થાય છે. શ્રાવકને કર્તવ્ય તરીકે તો ઉપર બતાવેલા ત્રણ દાનજ આપવા યોગ્ય છે. બીજા બે દાનમાં ઉચિત દાન પોતાના સ્વજનવર્ગ વિગેરેને વ્યવહારને અંગે યોગ્ય પ્રસંગે આપવું પડે તે છે; અને કીર્તિદાન યાચકોને આપવામાં આવે તે છે. અનુકંપાદાન જીવમાત્રપૈકી જેઓ દુઃખી સ્થિતિમાં હોય કે જેમને જોતાં હૃદયમાં આર્દ્રતા આવી જતી હોય તેમને તેમનું દુઃખ દૂર કરવા માટે દ્રવ્યાદિકની જે સહાય આપવી તે છે. પ્રથમ વ્રતના સંરક્ષણ માટે આ દાન અહર્નિશ આપવાની આવશ્યકતા છે. અભયદાન કોઈ પણ મનુષ્ય કે તિર્યંચ પૈકી પ્રાણાંત ભયમાં આવી પડેલ હોય તેને ભયમાંથી બચાવવો-તેના પ્રાણનો વિયોગ થવા ન દેવો તે છે. સુપાત્રદાનમાં તરતમતાએ કેટલાક ભેદો રહેલા છે. સર્વથી ઉચ્ચ પ્રકારનું સુપાત્રદાન તે તી-

1 દ્રવ્ય. 2 શરીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થંકર કે ગણુધર મહારાજાને આપવામાં આવે તે છે, ત્યારપછી ભાવી આત્મા અણુગારને આપવામાં આવે તે છે,તેથી ઉતરતું વ્રતધારી શ્રાવક ભાઇનો સ્વામીવાત્સલ્યાદિ પ્રસંગે ઉત્તમ ભોજનાદિવડે સત્કાર કરવામાં આવે તે છે અને ત્યારપછી સમકિતધારી શુદ્ધ શ્રદ્ધાવાળા જૈનબંધુઓનો ભોજનાદિવડે સત્કાર કરવામાં આવે તે છે. સમકિતી શિવાયના અન્યજ્ઞાતિબંધુઓ વિગેરેનો લગ્નાદિ પ્રસંગે જે કાંઇ સત્કાર કરવામાં આવેછે તેનો સમાવેશ ઉચિતદાનમાં થાયછે. ઉપર જણાવેલા ત્રણ પ્રકારના દાનમાં પ્રવૃત્તિ કરવાથી શ્રાવક સાધુધર્મની ગોગ્યતા મેળવી શકે છે. કારણકે સર્વથા પ્રાણાતિપાતની વિરતિરૂપ પ્રથમ મહાવ્રતની પ્રાપ્તિ થવાનું આ પરમ સાધન છે.

શીળ પાળવું એટલે બ્રહ્મચર્ય પાળવું. આમાં અવસ્થાભેદે ભેદ પડી શકે છે. પ્રથમની બાલ્યાવસ્થા અને વિદ્યાર્થીપણાની અવસ્થા સર્વથા બ્રહ્મચર્ય પાળવા યોગ્ય છે. ત્યાર પછી યોગ્ય સ્ત્રી સાથે પાણિગ્રહણ કર્યા બાદ વિષય સેવનની મર્યાદા બાંધી, તિથિ પર્વાદિકે તેનો સર્વથા ત્યાગ કરી, બ્રહ્મચર્ય પાળવા યોગ્ય છે. ત્યારપછી પુત્રાદિકની પ્રાપ્તિ થયા બાદ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયા અગાઉ વિષયવૃત્તિથી ચિત્તને વિરામ પમાડી શ્રાવકનું ચતુર્થ વ્રત સર્વથા ગ્રહણ કરવા યોગ્ય છે. મુનિપણામાં તો સર્વથા ત્રિવિધે ત્રિવિધે સ્ત્રીસંસર્ગ ત્યાગ કરવાનો છે. આ ગૃહસ્થધર્મનું પાલન તેના સાધનરૂપ છે. શીળ ધર્મનું યથાયોગ્ય પ્રતિપાલન કરનાર શ્રાવકના ચોથા વ્રતને પાળે છે અને મુનિરાજના ચોથા મહાવ્રતની ગોગ્યતા મેળવે છે. ગૃહસ્થાવસ્થામાં જેઓ શીળ ધર્મ પાળતા નથી અને તદ્દન છુટા રહી વિષયવૃત્તિને કાંઇ પણ પ્રમાણમાં રાખતા નથી તેઓ ગૃહસ્થધર્મના પાલનથી વિમુખ છે, તો પછી મુનિધર્મની ગોગ્યતા તો તેઓ મેળવી શકેજ ક્યાંથી ? માટે શીળધર્મના પાલનમાં પ્રવૃત્તિ કરવાનું ખાસ બતાવવામાં આવ્યું છે.

તપ કરવો તે શરીરને કસવાનો—કર્મને ખપાવવાનો—કર્મોને તપાવવાનો પ્રબળ ઉપાય છે. નિકાચિત કર્મ પણ તપથી નાશ પામે છે. તપના બાહ્ય ને અભ્યંતર એવા બે ભેદ છે. તે દરેકના છ પ્રકાર છે. આ ભવમાં શરીરને નિરોગી રાખવા ઇચ્છનારને માટે બાહ્ય તપ ખરેખરો જરૂરનો છે. પર ભવમાં પણ નિરોગી શરીર તે પ્રાણીજ પ્રાપ્ત કરી શકે છે. અભ્યંતર તપ અંતરંગની શુદ્ધિ માટે—મનની નિર્મળતા કરવા માટે ખરેખરો ઉપયોગી છે. અહીં બારે પ્રકારના તપનું વર્ણન કરીને લેખની વૃદ્ધિ કરવી યોગ્ય ધારી નથી. તેના ઇચ્છકે અન્ય સ્થાને તેનું વીવરણ જોઇ લેવું. શ્રાવક ધર્મના પ્રતિપાલનમાં તપસ્યા કરવાની ખાસ આવશ્યકતા છે. તપસ્યા કરનાર ગૃહસ્થ જ શ્રાવક ધર્મનું યથાયોગ્ય પ્રતિપાલન કરી શકે છે. ચોથા સાતમા ને અગ્યારમા વ્રતના આરાધનમાં તો તેની પૂરતી જરૂર છે, તપસ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરનારજ ચતુર્થ વ્રતનું યથાર્થ પ્રતિપાલન કરી શકે છે. જે તે વસ્તુનો યથેચ્છ ભોકતા શિયળની વાડો ભાંગે છે અને તેથી ચોથું વ્રત તેનાથી યથાસ્થિત પાળી શકાતું નથી. સાતમા વ્રતમાં તો ભોગોપભોગાદિકની જેટલી વિરતિ– અભક્ષ્ય અનંત કાયાદિનો ત્યાગ, ચૌદ નિયમનું પ્રતિપાલન, એ સર્વ તપસ્યાજ છે. અગ્યારમા વ્રતમાં ઉપવાસાદિ આહાર પૌષધની મુખ્યતા છે આ હેતુઓથી મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે તપ કરવાની પૂરતી જરૂર છે.

ભાવના ભાવવી તેમાં અનિત્યાદિ બાર અને મૈત્રી વિગેરે ચાર ભાવના ભાવવાની છે. નિરંતર હૃદયની અંદર શુભ ભાવના ભાવવી. અશુભ, અશુદ્ધ, અયોગ્ય વિચારો જ મનમાં ન આવવા દેવાની જરૂર છે. જે ગૃહસ્થ દરેક પ્રસંગે આવશ્યકતા અનુસાર આ સંસારનું અનિત્ય પણું, અશરણ પણું, સંસારની સ્થિતિ, એકત્વ, અન્યત્વ, અને દેહનું અશુચિપૂર્ણ પણું વિચારે છે તેઓ સુખ દુઃખમાં કદિ પણ મુંઝાતા નથી. અને આશ્રવ, સંવર, નિર્જરા આ ત્રણ ભાવના ભાવનાર કર્મબંધ બહુજ સ્વલ્પ કરે છે. લોક સ્વભાવ, બોધિદુર્લભતા અને ધર્મ ભાવના ભાવનાર આત્માને ઉચ્ચસ્થિતિમાં લાવી મૂકે છે. મૈત્રી, પ્રમોદ, કરૂણા ને માધ્યસ્થ આ ચાર ભાવના સાંપ્રત સમયમાં બહુધા તો નષ્ટપ્રાય થઇ ગયેલ છે. તેનાં નામ પણ કેટલાક તો જાણતા નથી. કેટલાક નામ જાણે છે છતાં તેનું સ્વરૂપ પીછાણતા નથી અને કેટલાક સ્વરૂપ પીછાણનારા છતાં તેમાં પ્રવૃત્તિ કરતા નથી. સર્વ જીવોનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના, પરને સુખી અથવા ગુણી દેખી ખુશી થવું તે પ્રમોદ ભાવના, પારકા દ્રવ્ય–ભાવ દુઃખનું યથાશકિત નિવારણ કરવું તે કરૂણા ભાવના અને કોઇ મહા પાપી કે અધર્મીને જોઇને તેની ઉપેક્ષા કરવી–તેના પર દ્વેષ ન કરવો તે માધ્યસ્થ ભાવના, આ ચાર ભાવના અહર્નિશ ભાવવા યોગ્ય છે. આ ચાર ભાવનાની અંદર શુભ વિચાર માત્રનો સમાવેશ થઇ જાય છે. બાર ભાવનામાંથી પણ પ્રથમની છ માત્ર વાર્ત્તા રૂપે લોકોમાં પ્રવર્તે છે, તેમાં પણ યથાયોગ્ય પ્રવૃત્તિ થતી નથી તો પછી બીજી છ ભાવના અને મૈત્ર્યાદિ ચાર ભાવવાની તો વાતજ શી કરવી? આ સોળ ભાવનાનું શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે શાંત સુધારસ ગ્રંથમાં બહુ સારૂં વિવેચન કરેલું છે. તે ગ્રંથ હાલમાં ભાષાંતર સહિત બહાર પડેલ છે, તે વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. શુભ ભાવના ભાવનાર ગૃહસ્થ મુનિધર્મની યોગ્યતા મેળવી શકે છે.

દાન, શીલ, તપ ને ભાવ એ ચાર પ્રકારના ધર્મમાં પ્રવૃત્તિ કરવાની ઉત્તમ શ્રાવકને ખાસ આવશ્યકતા છે. કારણ કે પોતાની સ્થિતિ કરતાં ઉચ્ચ સ્થિતિ મેળવવા માટે અર્થાત્ મુનિ ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે એની ખાસ જરૂર છે.

ત્યારપછી આઠમું વાકય મુનિ ધર્મની યોગ્યતા મેળવવાને ઇચ્છનારા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर्त्तव्योदारपूजा जगवत्तां ભગવંતની ઉદાર પૂજા કરવી, તે કહેલું છે. ભગવંત રાગ દ્વેષ રહિત સર્વ દોષોથી વિમુક્ત શ્રી અરિહંત, તેમની એટલે તેમની પ્રતિમાની પૂજા—દ્રવ્ય ભાવ બંને પ્રકારની, અતિ ઉદાર એટલે શ્રેષ્ઠ ઉચ્ચ પ્રકારની—ઉચ્ચ દ્રવ્યો વડે—ઉપકરણો વડે તેમજ ઉચ્ચપ્રકારના મનોભાવ વાળા ગંભિરાર્થથી ભરેલા સ્તુતિ, શ્લોકો અને સ્તવનાદિ વડે કરવી—આ શ્રાવકનું મુખ્ય કર્તવ્ય છે. શ્રાવકપણાની નિશાની છે. મુનિધર્મની યોગ્યતા મેળવવાનું પરમ સાધન છે. પરમાત્માની શુદ્ધ અંતઃકરણથી, વૃદ્ધિ પામતા ઉત્સાહથી જે ભક્તિ પૂજા કરવી તે આત્માની ઉચ્ચ સ્થિતિનું ભાન કરાવે છે. દેવ તરીકે આ દુનિયામાં હરિહરાદિ અનેક ગણાય છે, કહેવાય છે; પરંતુ તેઓ અનેક પ્રકારના દોષોથી ભરેલા છે. તેમનું ચરિત્ર, તેમની પ્રતિમા અને તેમના શાસ્ત્રો જોતાં તેની અંદર કામ, ક્રોધ, મોહ, લોભ ઇત્યાદિ અનેક દોષો વિદ્યમાન હોવાનું પ્રત્યક્ષ જણાય છે. જિનેશ્વરનું ચરિત્ર, તેમની પ્રતિમા અને તેમના શાસ્ત્રો તટસ્થરહીને નીહાળનારને પણ તેમના સર્વ દોષ રહિતપણાની ખાત્રી આપે છે. એવા ભગવંતની ઉદાર દીલથી—ઉદારઆશય-થી—ઉદારદ્રવ્યોથી જે ભક્તિ કરવી તે આત્માને તે સ્થિતિ પ્રાપ્ત કરાવનાર છે. ભગવંતની પૂજામાટે ઉત્તમ ઉત્તમ કેશર, ચંદન, ઘનસાર, પુષ્પ, ધુપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્યાદિ મેળવી સારી નિવૃત્તિથી શાંત ચિત્તે પરમાત્માના ગુણોનું ચિંતવન કરતાં કરતાં તેમની દ્રવ્યપૂજા કરવી. પછી દ્રવ્યપૂજાની સમાપ્તિએ શુભ ભાવના ભાવવી. ભગવંતમાં ને પોતામાં આટલું બધું અંતર શાથી પડ્યું તેનો વિચાર કરવો, તેના કારણો ચિંતવવા, તે અંતર દૂર કરવાના ઉપાયો ચિંતવવા, તે ઉપાયો અમલમાં મૂકવાનો દ્રઢ સંકલ્પ કરવો અને પોતામાં જે જે ગુણો તીરો ભાવે—પ્રચ્છન્ન ભાવે છે અને પરમાત્મામાં આવિર્ભાવે—પ્રગટ ભાવે થયેલા છે તેનો વિચાર કરવો અને આત્મા પરમાત્મ સ્વરૂપને પામે તેવો દ્રઢ સંકલ્પ કરવો. સર્વ ગુણ સંયુક્ત પરમાત્માની દ્રવ્ય ભાવ પૂજા ઉત્તમ દ્રવ્યો અને સ્તુતિ સ્તોત્રાદિ વડે કરવી. એ મુનિ ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પ્રબળ સાધન છે.

ત્યાર પછી નવમું વાક્ય निरूपणीयः साधुविशेषः ઉત્તમ સાધુઓનો સમાગમ કરવો એ કહેલું છે. ઉત્તમ મુનિમહારાજના પરિચયમાં આવ્યા શિવાય મુનિધર્મની ખરી મહત્તતાનો ખ્યાલ આવતો નથી, તે ધર્મ પ્રાપ્ત કરવાની ઇચ્છા વૃદ્ધિ પામતી નથી અને તેને માટે શુદ્ધ પ્રયત્ન પણ કરી શકાતો નથી. ઉત્તમ મુનિરાજના સમાગમ માત્રથી જ અનેક પ્રકારના ગુણોનો ઉદ્ભવ થાય છે, વિચાર સુધરે છે, વિરક્ત ભાવ જાગૃત થાય છે, સંસાર પરની આસક્તિ ઘટે છે અને મુનિ ધર્મ અંગીકાર કરવાની વાંચ્છા હૃદયમાં થાય છે. સમાગમ વધારવાની ઇચ્છા ગુરૂવંદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાની નિરંતર આવશ્યકતા વાળી ટેવ હોય તેનેજ થાય છે. દેવપૂજા કરીને તરતજ ગુરૂવંદન કરવા જવાનું એટલા માટે જ બતાવવામાં આવ્યું છે. કેટલીક વખત દેવવંદન માત્ર કરીને ગુરૂવંદન કરવા જવાનું થાય છે અને ત્યાર પછી ગુરૂ પાસે ધર્મ દેશના સાંભળી પ્રત્યાખ્યાન લઇ બીજે પહોરે દેવપૂજા કરવામાં આવે છે. આ પણ ઉત્તમ શૈલી છે. જેઓ ગુરૂવંદન કરવાજ ભાગ્યે જાય છે—કવચિત જ જાય છે, તેઓ તેના વિશેષ પરિચયમાં કયાંથી આવે અને તેને શુભ ભાવની—ઉચ્ચ મનોભાવની પ્રાપ્તિ કયાંથી થાય ? માટે ગુરૂવંદન તો છતી જોગવાઇએ અવશ્ય કરવું. શ્રાવકનું એ નિત્ય કર્મ છે. દેવવંદન, દેવપૂજા, ગુરૂવંદન, ધર્મ શ્રવણ, યથાશકિત પ્રત્યાખ્યાન અને સુપાત્રદાન ઇત્યાદિ કર્તવ્યો કર્યા પછી જ શ્રાવક ભોજન કરે છે. બનતાં સુધી સંધ્યાકાળે પ્રતિક્રમણ પણ ગુરૂ મહારાજની જોગવાઇએ તેમની સમક્ષ જ કરે છે—કરવું યોગ્ય છે. સામાયક પૌષધાદિ ક્રિયા પણ ગુરૂ મહારાજની સન્નિધે કરવાની કહેલી છે. તેથી તેમનો પરિચય વધતો જાય છે, હૃદયમાં ગુરૂપર ભાવ જાગે છે, વધે છે અને પોતાને ગુરૂપણું પ્રાપ્ત કરવાના સાધન પ્રાપ્ત થાય છે. આટલા જ કારણથી મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક માટે આ વાકય કહેવામાં આવેલું છે. તે ખરેખર પ્રવૃત્તિ કરવા યોગ્ય છે.

ત્યાર પછી દશમું વાકય **श्रोतव्यं विधिना धर्मशास्त्रं** એટલે વિધિપૂર્વક ધર્મ શાસ્ત્ર સાંભળવું એ કહેલું છે. ધર્મશાસ્ત્ર સાંભળવાનો વિધિ અનેક ગ્રંથોમાં બતાવવામાં આવેલો છે. તેમાં મુખ્ય વાત એ છે કે—વિધિપૂર્વક ગુરૂવંદન કરી, બે હાથ જોડી, પ્રમાદ તજી, વિકથા દૂર કરી, એક ચિત્તે, ગુરૂ મહારાજના વદન સન્મુખ દ્રષ્ટિ સ્થાપન કરી, કર્ણ સંપુટવડે ગુરૂના મુખમાંથી નીકળતા વચનામૃતનું પાન કરવું. હાલમાં પ્રાયે ગુરૂમહાજની ધર્મદેશના સાંભળવા આવનારની સંખ્યાજ અલ્પ થઇ ગઇ છે. નવા ઉછરતા બંધુઓ વ્યાખ્યાનની પદ્ધતિજ પસંદ કરતા નથી. તેમને તો મીટીંગો ભરી ઉભા રહીને ભાષણો કરવાની પદ્ધતિ જ પસંદ પડે છે. તેથી તેઓ તો પાટ ઉપર બેસીને ગુરૂમહારાજ ધર્મશાસ્ત્ર હાથમાં રાખી, તે વાંચી, તેનો અર્થ કરી, જે દેશના આપે છે તે સાંભળવા પ્રાય: આવતાજ નથી. જુના જમાનાના માણસો પૈકી કેટલાક અવકાશવાળા—ઉદ્યોગ વિનાના અથવા ઓછા ઉદ્યમવાળા બંધુઓ આવે છે. તેમાં ઘણો ભાગ તો તદન અનભિજ્ઞ—મુગ્ધ હોય છે. ગુરૂમહારાજના કથનને સમજવાની પણ તેમનામાં શકિત હોતી નથી. વિશેષ ઉદ્યમવાળાને તો ધર્મદેશના સાંભળવા માટે આવવાનો અવકાશ હોતો નથી, તેમજ ઇચ્છા પણ થતી નથી, આવશ્યકતા પણ જણાતી નથી. તેથી શ્રોતાઓના સમુદાયમાં દ્રવ્યવાન અને વિદ્વાનોના અભાવે વકતાઓનું હૃદય પણ વિશેષ ઉલ્લસાયમાન થતું નથી. શ્રાવકનું આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યક કર્તવ્યછે તે શ્રાવક કહેવાતા—શ્રાવક તરીકે ઓળખાતા બંધુઓ પૈકી બહુ ઓછાજ ભાઈઓ જાણે છે, સમજે છે અને તેથીજ તેમાં પ્રવૃત્તિ થતી નથી. એટલે જિનાગમ શ્રવણથી પ્રાયઃ ઘણા બંધુઓ બેનશીબજ રહે છે. ધર્મ શાસ્ત્ર સાંભળ્યા શિવાય પોતાની ફરજ—પોતાનું કર્તવ્ય સમજાતું નથી. તેમાં પ્રવૃત્તિ થતી નથી. વળી હાલમાં છાપવાની કળા વૃદ્ધિ પામવાથી અને ઘણા ગ્રંથો, ઘણા ભાષાંતરો ઘણા સ્વતંત્ર લેખો, ઘણા માસિકો છપાવા લાગ્યાથી પોતે જાતેજ તે વાંચવાનો લાભ લઈ શકે છે એટલે પછી ગુરૂ પાસે જઈને ધર્મદેશના સાંભળવાની જરૂર રહેતી નથી-જરૂર જણાતી નથી. પરંતુ એટલું ચોક્કસ યાદ રાખવાનું છે કે જો બુકો વાંચવાથી જ્ઞાન થઈ જતું હોય—પૂરેપૂરૂં સમજાઈ જતું હોય-પાસ થવાતું હોય તો સરકાર પણ માસ્તરો, પ્રોફેસરો, ને પ્રીન્સીપાલો મોટા મોટા પગાર આપીને રાખતજ નહીં. ધર્મદેશનામાં તો એ એકજ કારણ નથી પણ ગુરૂના મુખેથી સાંભળેલી દેશના જુદુંજ કામ કરે છે. ત્યાગી વૈરાગી ગુરૂમહારાજના વદનમાંથી જે શબ્દો નીકળે છે તે તેમાંથી એવો ઉચ્ચભાવ લઈને આવે છે કે જેથી શ્રોતાના હૃદયપર બહુજ સારી અસર કરે છે, તે વચનદ્વારા બતાવી શકાય તેમ નથી. માટે મુનિધર્મ પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવવાના ઇચ્છકે વિધિ પૂર્વક ધર્મદેશના અવશ્ય દરરોજ સાંભળવી.

ત્યારપછી અગ્યારમું વાકય એ કહેવામાં આવ્યું છે કે-ज्ञावनीयं महायत्नेन-મહાયત્નવડે તેની ભાવના ભાવવી. અર્થાત ગુરૂમહારાજ પાસેથી સાંભળેલી દેશના તરતમાંજ ભૂલી ન જતાં તેને દૃઢ સ્મરણમાં રાખી તેની ભાવના ભાવવી એટલે વિચારણા કરવી. ગુરૂ મહારાજે શું કહ્યું ? શા કારણને અપેક્ષીને કહ્યું ? તેમાં મારે કરવા યોગ્ય શું છે ? તજવા યોગ્ય શું છે ? મારો આચાર શું બતાવવામાં આવ્યો છે ? ખાસ મારેજ આચરવાનું શું છે ? ગુરૂ મહારાજે કઈ કઈ કથા કહી છે ? તેનો સાર શું છે ? તેના મહાપુરૂષ તરીકે તે કથાના નાયક કેમ ગણાયા ? તેમાં નીચ પાત્ર કોણ હતાં ? તે શા કારણથી નીચ ગણાયા ? તેની દુર્ગતિ શા કારણથી થઇ ? તેમાં કહેલા ઉત્તમ જીવો સદ્દગતિને કેમ પામ્યા ? ઇત્યાદિ અનેક વિચારણાઓ કરવી તે મહાયત્ન સમજવો. ધર્મદેશના સાંભળીને ઘણા શ્રોતાઓ તો ત્યાંજ મુકતા આવે છે, તેનું સ્મરણ કરતા નથી, તેમને સ્મરણ પણ રહેતું નથી, એટલે પછી તેનું ચિંતવન તો શેનાજ કરે ? ચિંતવન કર્યા શિવાય સાંભળેલી દેશના રસરૂપ થતી નથી. આત્માને તેની હિતકારક અસર થતી નથી. શાસ્ત્રમાં શ્રવણ, [illegible] નિદધ્યાસન એ ત્રણ પ્રકાર બતાવવામાં આવેલા છે. શ્રવણમાંજ જયાં [illegible] પૂરા ધ્યાન સાથે સાંભળ્યુંજ ન હોય, ત્યાં પછી મનન કે નિદધ્યાસનની [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય ? મૂળ તો ગુરૂ મહારાજની દેશના સાંભળવાનો યોગજ મળતો મુશ્કેલ તેની અંદર તેર કાઠીઆ વિઘ્ન કરનારા તૈયારજ રહેલા છે. તે સઘળા કાઠીઆને દૂર કરી ને–નિવારીને દેશના સાંભળવા જાય તો ત્યાં પણ એક ચિત્તથી શ્રવણ કરવાપણું નહીં. આટલાજ કારણથી પ્રથમનું ને આ બંને વાક્ય પરસ્પર સંબંધવાળા કહ્યા છે. તેથી મુનિ ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે ગુરૂમહારાજની દેશના સાંભળવી અને તેની મહા યત્નવડે ભાવના ભાવવી. તોજ પરિણામે મુનિધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય તેમ છે.

ત્યારપછી બારમું વાક્ય એ કહ્યું છે કે—**अनुष्ठेयस्तदर्थो विधानेन** અર્થાત્ તેમાં કહેલું અનુષ્ઠાન વિધિપૂર્વક કરવું. ગુરૂમહારાજે દેશનામાં જે અનુષ્ઠાન શ્રાવકને કરવા યોગ્ય કહ્યાં હોય, હેતુઓ બતાવ્યાં હોય, ફળ નિર્દેશ્યું હોય, તેની કર્તવ્યતા સિદ્ધ કરી હોય, તેનો વિધિ પણ બતાવ્યો હોય તે સર્વ અનુષ્ઠાન યથાયોગ્યપણે, યોગ્ય કાળે, યોગ્ય રીતીએ, યોગ્ય વિધિએ, પોતાની શક્તિનો—સ્થિતિનો વિચાર કરીને મન વચન કાયાના વીર્યને કિંચિત્ પણ ગોપવ્યા શિવાય કરવું. આ આચરણા જે પ્રાણીના હૃદયમાં ગુરૂનું બહુમાન વસેલું હોય, નિરંતર વંદનાદિ કરવા વડે તેમના પરિચયમાં આવતા હોય, ધર્મદેશના તેમના મુખેથી સાંભળતા હોય અને તેમાં કહેલી હકીકતને–અર્થને બરાબર વિચારતા હોય તેજ પ્રાણી કરી શકે છે. બીજાઓ કરી શકતા નથી. જેમના હૃદયમાં ગુરૂનું બહુમાનજ નહોય–જેઓ તેમને નિર્માલ્ય અથવા શાસનના અહિત કર્તાજ સમજતા હોય તેઓ આ આચરણા કરીજ શકે નહીં. જેઓ વંદન, સેવા, ભક્તિ, વૈયાવચ્ચઆદિ વડે તેમના પરિચયમાં આવી તેમના પ્રીતિપાત્ર બની તેમની દેશના ઉત્સાહપૂર્વક સાંભળે તેઓ તો પરિણામે આ આચરણા આચરે, પણ જેઓનું વર્તન 'તેવું' ન હોય તે ક્યાંથી આચરે ? જેઓ ધર્મદેશના સાંભળ્યા પછી તેમાંના જ્ઞેય–હેય ને ઉપાદેય ભાગને પૃથક્ પૃથક્ વિચારતા હોય–દેશનાનો રસ આત્માસાથે એકમેક કરતા હોય તેઓના હૃદયમાં આવી વિધિ પૂર્વક આચરણા કરવાની વૃત્તિ જાગે ને તે કરે–બીજા ક્યાંથી કરે. આ દેશચારિત્ર છે. પ્રાણીની મુક્તિ ચારિત્રધર્મના આરાધનવડેજ થઇ શકે છે. ચારિત્ર વિના કોઇ પણ પ્રાણી મુક્તિસુખ મેળવી શકતો નથી. જ્ઞાન દર્શન ને ચારિત્રમાં ચારિત્રને ત્રીજું સ્થાન એટલા માટેજ આપવામાં આવ્યું છે કે તેના પરિપૂર્ણ આરાધનથી અનંતરજ મુક્તિ મળે છે. આ હકીકત બહુ વિચારવા યોગ્ય છે. અહીં તો ટુંકામાં એટલુંજ કહેવામાં આવ્યું છે કે મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે ધર્મદેશનામાં સાંભળેલા અનુષ્ઠાનને વિધિપૂર્વક આચરવું. તોજ તેના સાધ્યની સિદ્ધિ થઇ શકે તેમ છે.

સંપૂર્ણ.

---

૧ જુઓ તેર કાઠીઆની કથા. પ્રસિદ્ધ કર્તા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર. કિં. ૦-૩-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગ રહસ્યાર્થ.

સંસારમાં સ્થિતિ પામી ગયેલું ચિત્ત વિક્ષેપમાં એટલું બધું લીન થઇ જાય છે કે, એને સંસારથી કેટલી લાભ હાનિ થાય છે તેનો ખ્યાલ આવતો નથી, વિચાર આવતો નથી, તુલના બોધ થતો નથી. સંસારનાં હરેક કાર્યમાં આ જીવ એટલી રાગવૃત્તિથી વર્તન કરે છે કે, લગભગ તે તાદાત્મ્ય બની જાય છે. સાંસારિક કોઇ પણ કાર્ય કરતી વખતે એને એટલો પણ ખ્યાલ રહેતો નથી કે તેને વ્યવહારૂ કેટલું નુકશાન થશે. આંતરિક અપકર્ષનો તો તેને ખ્યાલ ન રહે એ રાગાંધતાને લીધે સમજાય તેવું છે પણ જે વસ્તુમાં તે સુખ માની બેઠો છે, જેને માટે તે પ્રયાસ કરે છે, જેની ખાતર તે આંતર તત્વને ભૂલી જાય છે, તે પણ તેનાથી કેટલું દૂર જાય છે તેનો તેને વિચાર રહેતો નથી. માત્ર સંસારપરની રૂચિને લઇને તે તરફ દોડ્યો જાય છે અને જ્યારે આઘાત લાગે છે ત્યારેજ અશ્વને જેમ ચાબુ ખાતી વખતે કાંકરો આવે અને નિદ્રા ઉડી જાય છે તેમ તેને ચમકારો થાય છે, પણ વળી પાછો રાગથી અંધ બની તેજ વસ્તુઓ તરફ ઘસડાતો જાય છે અને વળી સપાટો લાગે ત્યારે જરા ચક્ષુને ઉન્મિગ્ન કરે છે, આવી રીતે અરઘટ ઘટ્ટિકા ન્યાયે રખડ્યા કરે છે, કોઇ વાર ઉપર આવે છે અને પાછો વળી નીચે ઉતરી જાય છે પણ તેમાંથી નીકળી જવાનો પ્રયાસ કરતો નથી, વિચાર કરતો નથી અને પ્રસંગો આવે છે ત્યારે પણ તેનો ઉપયોગ કરતો નથી. આવી રીતે આંતર દશાની અવસ્થાથી અજ્ઞાત રહેલો સંસારાનંદમાં મસ્ત જીવ રાગની બહોળાતાથી સંસારને ચાટ્યા કરે છે અને શ્વાન જેમ હાડકાને ચાટતાં આનંદ માને છે તેમ તેમાં આસક્ત થાય છે પણ શ્વાનની જેમ તેને ખબર નથી કે તેમાં પોતાનું રક્ત ચાટીનેજ આનંદ માનવાનું છે. વસ્તુતઃ હાડકામાં સ્વાદ છેજ નહિ પરંતુ રાગ તેને એવો અંધ બનાવી મૂકે છે કે એને વસ્તુ તત્ત્વનો ખ્યાલ કરવાનો અવકાશજ રહેતો નથી. તેથી કોઇ વખત અભિમાન કરીને, કોઇ વખત ક્રોધ કરીને, કોઇ વખત ધનની માળા જપીને, કોઇ વખત માયા પ્રપંચ કરીને, કોઇ વખત સ્ત્રીપુત્રમાં આસક્ત રહીને અને જુદી જુદી વખત સંસારની અનેક ઉપાધિઓમાં મસ્ત રહીને નવીન નવીન કર્મ સંચય કર્યા કરે છે અને એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ સબડ્યા કરે છે, પણ ઉપર આવી શકતો નથી. આવી કેમ શકાય તેનો વિચાર પણ કરતો નથી અને ઉપર આવવાથી કેવી જાતના અલૌકિક સુખાનંદ પ્રાપ્ત થશે તે સંબંધી ખ્યાલ કરતો નથી.

બાધકદશામાં મોહનું સામ્રાજ્ય એટલું પ્રબળ હોય છે કે તેને સંસારની બાબતોમાંજ આનંદ આવે છે. પરંતુ કોઇ વખત પતનની દિશા ફરે છે અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત તેને મનમાં આ સર્વ રચના કેવી રીતે થઇ છે તેનો ખ્યાલ થવા માંડે છે, તેને જણાય છે કે તે સંસારદશામાં આનંદ માને છે તે તો માત્ર બહિરાત્મભાવ છે, ધન સ્ત્રી પુત્ર કે શરીર તેના નથી, જે પુદ્‌ગળ દ્રવ્યમાં તે મસ્ત રહે છે તે તો અહીં પડી રહેનાર છે, તેનું કાંઇ નથી, તેનું કોઇ નથી, તે તો માત્ર આસક્તિને લીધે નવીન કર્મબંધ કરે છે. આવી વૃત્તિ થતી વખત તે કાંઇક શુભ માર્ગ તરફ ગમન કરે છે અને પછી ઇચ્છાની મંદતા તીવ્રતા અનુસાર અંતર આત્મવૃત્તિમાં પ્રવેશ કરે છે અને તે સમયે ક્યાં તો શુભ માર્ગે ગમન કરે છે અથવા આત્મ સ્વરૂપ સમજી તેમાં જરા લીન થાય છે અને તેવે પ્રસંગે શુભ કર્મનો સંચય કરે છે અથવા કર્મની નિર્જરા કરે છે, પરંતુ તેને બહિરાત્મ ભાવપર એટલો રાગ થઇ ગયો હોય છે કે વળી પાછો તે બાધકદશામાં ઘસડાઈ જાય છે, અંતરાત્મભાવ ભૂલી જાય છે અને પરમાત્મ દશા પ્રાપ્ત કરવાનું સાધ્ય બિંદુ લક્ષ્ય સ્થાનથી ખસેડી મુકેછે. આવી રીતે કોઇ કોઇ વાર શુદ્ધ દશાનું સ્થાન જોઇને પણ પાછો ખસી જાય છે અને સંસારમાં પડી રહે છે.

સંસાર દશા એ વિભાવ દશા છે. એમાંથી જો રાગનું તત્વ દૂર કરવામાં આવે તો વસ્તુતઃ એના એક પણ આવિર્ભાવમાં સુખ નથી. સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા સર્વ જીવોમાં અતિ પ્રબળ હોય છે અને તેને માટે દરેક જીવનો પ્રયાસ હોયછે પણ વાસ્તવિક સુખનો સ્પષ્ટ ખ્યાલ ન હોવાથી તે સાંસારિક ધકેલાને સુખ સમજી તેમાં મસ્ત રહે છે અને તેમાં આનંદ માને છે. અને રાગને લીધે કોઇ વાર ધનની ઇચ્છા કરે છે,કોઇ વાર સ્ત્રી પુત્રની ઇચ્છા કરે છે, કોઇ વાર કીર્તિની ઇચ્છા કરે છે અને આવી વિત્તૈષણા, પુત્રદારૈષણા અને લોકૈષણામાં કાળ નિર્ગમન કરી એવો અશુભ કર્મબંધ કરે છે કે પાછું તેનું લક્ષ્યસ્થાન પરમાત્મભાવ પ્રાપ્ત કરવાના માર્ગથી દૂર ખસી જાય છે અને તે સંસારચક્રમાં પડી જાય છે.

આવી રીતે સંસાર દશામાં રખડતાં તેને કોઇ કોઇ વાર પરમાત્મ દશામાં સુખ શું છે તે સમજવાનો કે જાણવાનો પ્રસંગ આવેછે તો પણ તે રાગની પ્રકૃષ્ટતાને લીધે સંસારમાં રખડ્યા કરે છે. એમ કરતાં કોઈ વખત તેને જરા અંતરાત્મભાવ સ્ફુરે છે ત્યારે તે પોતાની વર્તમાન દશામાં માનેલાં સુખ તરફ હસી પડે છે અને તે તરફ નહિ જવાનો વિચાર કરે છે પરંતુ આ સ્થિતિ એટલો થોડો વખત રહે છે કે પાછી મોહની પ્રબળતા તેના પર પોતાનું પ્રબળ પરાક્રમ અજમાવતાં તે સંસાર ચક્રમાં આવી પડે છે. આ પ્રમાણે વચ્ચે વચ્ચે આ જીવને પ્રસંગો ઘણી વાર મળે છે પણ તેનો તે લાભ લઇ શકતો નથી

આ પ્રમાણે વસ્તુ સ્થિતિહોવાથી એ દશામાંથી મુક્ત થવાના ઉપાયતરફ બહુ સંક્ષે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી વિચાર કરવો યોગ્ય છે. ત્યાં અંતરાત્મ દશામાં વિશેષ પ્રવૃત્તિ રહેવા માટે એ બાબત ખાસ જરૂરની જણાય છે અને તે બન્ને બનવી જોઇએ. પ્રથમ દૃષ્ટિએ આ જગતની રચના કેવા પ્રકારની છે, આ જીવને અન્ય સાથે કેવા પ્રકારનો સંબંધ છે, પર વસ્તુ અને આ જીવને સંબંધ કેટલા કાળ સુધી ચાલે તેવો છે, એ સંબંધ થવાનો હેતુ શું અને તેનો નિર્વાહ અને વિયોગ કયા કારણોથી થઇ શકે, પોતાનો અને પોતાના શરીરનો સંબંધ તેજ પ્રમાણે કયા કારણોથી, કેવી રીતે અને શા માટે થયો? આવા પ્રકારના સંબંધના સ્વરૂપના વિચારમાં એક એવા પ્રકારની મૃદુતા રહેલી છે કે એવી ધારણાથી છેવટે વસ્તુ સ્વરૂપનો ખ્યાલ થાય છે અને તેથી સર્વ પર વસ્તુ અને પર જીવ દ્રવ્ય તરફ વિરાગ આવી જાય છે. આથી તેઓ તરફ ઉપેક્ષા ભાવ આવી જાય છે એમ કહેવાની મતલબ નથી પરંતુ અત્યાર સુધી જે રાગનું તત્વ સંસાર તરફ આ જીવને ઘસડતું હતું તે અલ્પ થતું જાય છે અને સંસારવૃત્તિના મુખ્ય કારણનો અલ્પાંશ અને છેવટે ક્ષય થવાનો પ્રસંગ પ્રાપ્ત થતો જાય છે. આને અન્યત્વ પર વસ્તુ સાથેના સંબંધની વિચારણા ને ભાવના કહેવામાં આવે છે અને આ ભાવના વૈરાગ્યનું પરમ કારણ હોવાથી સંસાર દશામાંથી મુક્ત થવાનું તે મુખ્યકારણ છે અને તે ઉપાય અજમાવવો એ જ્ઞાનમાર્ગે સ્વરૂપ પ્રાપ્તિનો સીધો અને સરળ માર્ગ હોવાથી પ્રથમ દૃષ્ટિએ આદરણીય છે.

વિશેષમાં આ ભાવનાનો માર્ગ અત્યુત્તમ છે એમ જણાવવા સાથે એ પણ જણાવી દેવું ઉચિત છે કે આ જીવને સંસારનો રસ બહુ પ્રિય લાગે છે, અને તેથી ઉપર જણાવ્યું તેમ તે તરફ જરા પણ લાગ મળતાં તે ઢળી જાય છે. તેથી ભાવના બોધ સાથે તેનો ચાલુ અભ્યાસ રાખવો જોઇએ અને જે સાધ્યસ્થાન તેને પ્રાપ્ત કરવાનું છે તેની પ્રાપ્તિ કરવા માટે તે અભ્યાસમાં ત્રણ બાબત તો ખાસ હોવી જોઇએ. મતલબ એ અભ્યાસ લાંબા વખત સુધી ચાલુ રાખવો જોઇએ, તેમાં જરા પણ અંતર પડવા દેવો ન જોઇએ અને તેના પર અંતઃકરણનો પ્રેમ હોવો જોઇએ. આ ત્રણે બાબત ઉપયોગી હોવાથી તે પર જરા વિચાર કરીએ. આ જીવની વિભાવ દશા એટલા લાંબા કાળથી ચાલ્યા કરે છે કે તેમાં તે અત્યંત આસક્ત થઇ ગયેલો છે અને તે દશા તેની સ્વભાવ દશા જેવી થઇ ગઇ છે. તેથી સ્વભાવ દશાના સંસ્કારો તેનામાં લાંબા વખત સુધી પડે ત્યારેજ વિભાવ તરફ લક્ષ્ય ઘટતું જાય છે અને સ્વાભાવિક ગુણો તરફ તેનું આરોહણ થતું જાય છે. થોડો વખત ચલાવી પાછો અભ્યાસ મૂકી દેવામાં આવે તો વળી અસલ વિભાવી-સ્થિતિમાં પાછો પડી જાય છે આની સાથેજ એ વિશુદ્ધ અભ્યાસમાં અંતર પાડવો યોગ્ય નથી. જો વચ્ચે વચ્ચે સંસાર દશામાં પડી જવામાં આવે તો પાછી વિભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વદશાની વૃત્તિઓ જોર પકડી બેસે છે અને સ્થૂળ મોહ તેને પટકીને નીચે પાડી દે છે. તેથી લાંબા વખત સુધી અભ્યાસ પાડવા સાથે તેમાં અંતર પણ પાડવો ન જોઈએ. અનેક વખત કેટલાક જીવો ત્યાગના વિચારમાં આગળ વધી ગયેલા હોવા છતાં પાછા પડી ગયેલા જોવામાં આવે છે તે અભ્યાસ કાળમાં અંતર પડવાના કારણને લીધેજ થયેલી સ્થિતિ હોય છે. રાગની પ્રક્રિયા એટલી વિચિત્ર રીતે કામ કરે છે કે જરા વિસ્મૃતિ થતાં સ્થાનભ્રષ્ટ થઇ જવાય છે તેથી સાધકદશામાં બહુ જાગૃતિ રાખવી ખાસ જરૂરની છે. એની સાથે સાધ્યદશા તરફ પરમ આદર-રૂચિ હોવી જોઈએ. દીર્ઘકાળનો અભ્યાસ હોય અને અંતર પણ પડતો ન હોય પણ તાત્વિક રૂચિ વગર-સદ્દહણા વગર તે ક્રિયા ચાલતી હોય તો તેમાં કોઇ પણ પ્રકારની ઇષ્ટ સિદ્ધિ થતી નથી. તેથી સંસાર તરફ અરૂચિ ઉત્પન્ન કરવા અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે વૈરાગ્ય વાસિત વૃત્તિઓ તેમજ સાથે લાંબા વખત સુધી અંતરરહિતપણે રૂચિપૂર્વક તેનો અભ્યાસ પાડવાની ખાસ આવશ્યકતા છે.

સંસાર દશામાંથી મુક્ત થવાના ઉપાય તરફ આપણે જે વિચાર કર્યો તે અત્યંત મુશ્કેલ લાગે તો તદ્દન અયોગ્ય નથી. મુખ્ય દૃષ્ટિએ તો સર્વથા સંગત્યાગ કરનારને એ સ્થિતિ પ્રાપ્તવ્ય છે એ વાતમાં ના પડાય તેવું નથી. સંસાર સંબંધ રહે અને અભ્યાસ કાયમ ચાલે એવો યોગ બનવો લગભગ અસંભવિત છે. એનું કારણ એ છે કે આ જીવને સંસારની સર્વ વસ્તુઓ ઉપર એવો દૃઢ રાગ છે કે એના સંબંધમાં આવતાં જેમ લીંબુ જોઇને દૂરથી મુખમાં પાણી છુટે છે તેમ તે નરમ ઘેંશ જેવો બની જાય છે અને પછી તેને તેમાંથી ઊંચે આવતાં બહુ વખત લાગે છે. છતાં અતિ દૃઢ યત્નવાન જીવ હોય અને તેનું મન આસક્તિ વગરનું હોય તો કદાચ સર્વથા સંગત્યાગ ન કરે તો પણ તેની વૃત્તિમાં એક એવી અપૂર્વતા આવી જાય છે કે સંગથી લગભગ નિર્લેપ રહી તે સંસારમાં પણ સંપૂર્ણ સુખનો કાંઇક અનુભવ કરે છે. સહરાના રણમાં વચ્ચે વચ્ચે જેમ કોઇ વાર નવપલ્લવિત જળપ્રદેશ Oases આવી જાય છે તેવી તેની સ્થિતિ રહે છે પણ તે તદ્દન અપવાદ રૂપ હોવાથી સંસાર સંગમાં શુભ ઉપાયનું અતિ બળવત્તરપણે ગ્રહણ કરવું તેજ યોગ્ય છે. વૈરાગ્ય અને અભ્યાસનું ફળ તો ચિત્તની એકાગ્રતાજ છે અને સર્વ પ્રયત્ન તદર્થેજ ઘટે છે. ચિત્તની જ્યાં સુધી વ્યાક્ષિપ્ત સ્થિતિ રહે છે ત્યાં સુધી એક પણ કાર્ય એની પરમ સાધ્ય દૃષ્ટિએ સિદ્ધ થઈ શકતું નથી અને સંગત્યાગ ન થાય ત્યાં સુધી એવા અનેક પ્રસંગો પ્રાપ્ત થાય કે જીવ સંસાર તરફ દોડી જાય છે. આથી સર્વથા સુખ મેળવવાની ઇચ્છા હોય તેમણે સંગત્યાગ કરવાનો વિચાર પણ દૃઢપણે રાખવો ખાસ જરૂરનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં મુખ્ય પ્રશ્ન ઉપર જણાવ્યું તેમ મનોનિગ્રહનો ઉત્પન્ન થાય છે. આ સર્વ વૈરાગ્ય અને અભ્યાસનો હેતુ મનને વશ કરવાનો છે. ગમે તે યોગનો ગ્રંથ જોવામાં આવે તો મનને સ્થિર કરવાની જરૂરીઆત તેમાં સ્પષ્ટ રીતે દર્શાવેલી જણાઇ આવશે. અનાદિ સંસ્કારોને લીધે મનનું એવું ઉલટું વલણ પડી ગયેલું છે કે એ તુરત સંસાર તરફ ચંચળ બની ઉતરી જાય છે અને એવી ચંચળ વૃત્તિમાં પછી ગમે તેટલા દૃઢ વિચારો કરવામાં આવે તોપણ તે તો વધારે ને વધારે સંસાર તરફ ઘસડાતું જ જાય છે અને સાથે ચેતનજીને ઘસડતું જાય છે. એ સ્થિતિમાંથી બચવા માટે પણ વૈરાગ્ય ભાવનાનો વારંવાર અભ્યાસ કરવો, તેના પર રૂચિ કરવી અને તે સ્થિતિમાં અંતર પડવા ન દેવું—એ સર્વ કાર્ય જરૂરનાં છે. આવી ભાવનાનો અભ્યાસ એ સાધ્યદશા પ્રાપ્ત કરવાનું પરમ કારણ છે અને તે પ્રમાણે કરવામાં આવે ત્યારેજ આ સંસારચક્રમાં જે રખડપટ્ટી થાય છે તેમાંથી બચાવ થવાનો અને સાધ્યસ્થાન પ્રાપ્ત કરવાના માર્ગપર ચડી જવાનો સંભવ છે. જ્યાં સુધી વૈરાગ્ય વાસિત ચિત્ત કરવાનો વારંવાર અભ્યાસ પાડવામાં આવતો નથી ત્યાં સુધી તે અસ્થિર અવસ્થામાં રહી આધ્યાત્મિક માર્ગ તરફ વલણ પકડતું નથી અને તેથી બહિરાત્મભાવમાં આ જીવ વર્ત્યા કરે છે અને કદિ કદિ તે અંતરાત્મદશા સન્મુખ થઇ જાય તોપણ પાછો બહિરાત્મ ભાવમાં ચાલ્યો જાય છે.

ચિત્તની જ્યાં સુધી વ્યાક્ષિપ્ત દશા હોય છે ત્યાં સુધી તે પરભાવમાં રમણ કરે છે. એને સુખની ઇચ્છા થાય છે, મોક્ષનું સુખ સમજી એને તે પ્રાપ્ત કરવા ઇચ્છા થાય છે પરંતુ ત્યાં સંસાર સંબંધનો સર્વથા ત્યાગ કરવો પડે છે તે તરફ તેનું લક્ષ્ય રહેતું નથી; ત્યાં સુખ છે એ વિચારથીજ તે મોક્ષ પ્રાપ્ત કરવા ઇચ્છા રાખે છે. સુખનો ખ્યાલ હજી સુધી તેનો તદ્દન પાર્થિવ—સ્થૂળ છે અને તેને પ્રાપ્ત કરવા સારૂ તે મોક્ષની ઇચ્છા પણ રાખ્યા કરે છે. આવી દશા જ્યાં સુધી વર્તતી હોય છે ત્યાં સુધી તે સંસારના દરેક ભાવમાં રતિ અરતિ કર્યા કરે છે. તેના મનને આનંદ આપે એવી સ્થિતિ મળતાં તે રાચી જાય છે અને તેથી વિરૂદ્ધ દશા પ્રાપ્ત થતાં તે ખેદ પામી જાય છે. કોઇ વાર ધાર્મિક વિષયમાં પ્રીતિ પામે છે તો ત્યાં પણ તેની સુખ મેળવવાની વિચિત્ર વૃત્તિનું અસ્તિત્વ જોવામાં આવે છે. વળી વિષયો અને ધન સ્ત્રી આદિના પ્રસંગો મળતાં તેનું વ્યાક્ષિપ્ત મન તુરત અસ્વસ્થ બની જઇ તે તરફ ઉતરી જાય છે અને તેવા પ્રસંગમાં બહિરાત્મભાવમાં એકદમ ઉતરી જાય છે. મનની વ્યાક્ષિપ્ત દશા એટલી જુદી જુદી રીતે વ્યક્ત થઇ આ જીવને અસ્તવ્યસ્ત કરી નાખે છે કે તેનું ચિત્ર આપવા કરતાં દરરોજના પ્રસંગો પર બારિક દૃષ્ટિપાત કરવાની ભલામણ કરવી એજ ઉત્તમ માર્ગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તાત્પર્યાર્થ એ છે કે ચિત્ત વશ કરવા—તેના પર કાબુ અંકુશ રાખી યોગ માર્ગે માર્ગ પર લઇ આવવા પ્રબળ અભ્યાસની ઉપર જણાવેલા સાહચર્ય વિશેષણો સાથે અતિ આવશ્યકતા છે, નહિ તો ચિત્તની એવી રચના છે કે જે વિચાર નહિ લાવવાનો નિર્ણય કર્યો હોય તેજ વિચાર અનેક ગણા પ્રબળ જોર સાથેવારંવાર પુનરાવર્ત થઇ ચેતનને અસ્વસ્થ બનાવી મૂકે છે. ચિત્તની આ અવસ્થા સમજવા માટે અનેક મહાત્માઓ તેને અંકુશમાં રાખવા સારૂ આધ્યાત્મિક વૃત્તિવાળું બનાવવાનો ઉપદેશ આપી ગયા છે. આ ઉપદેશવિષય ભાવનામય હોવાથી અને તે વારંવાર મનને સાધ્યમાર્ગ તરફ આવવાની પ્રેરણા કરનાર હોવાથી તેમજ તેમાં વસ્તુ સ્વરૂપના યથાર્થ બોધદ્વારા સંસાર સ્થિતિનું દર્શન અત્યંત સ્પષ્ટ રીતે દર્શાવેલ હોવાથી એ માર્ગદ્વારા ચિત્તને અંકુશમાં લેવાવડે પ્રાપ્ય સ્થાનનો માર્ગ અતિ સરળ થઇ જવાનો સંભવ રહે છે. મુખ્યવૃત્તિએ પરભાવની રમણતા દૂર કરવી, સ્વપરનો યથાર્થ વિવેક કરવો અને પરિણતની નિર્મળતા કરવી એ વિષય ઉપર જવાનું હોવાથી પ્રથમ યોગના ગ્રંથો તે પર ધ્યાન ખેંચે છે.અને તે આદર્શ લક્ષ્યસ્થાનમાં રાખી તેવું વર્તન કરવાની આવશ્યકતા તે બતાવેછે. આવા પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે યોગગ્રંથોની કુંચી શું છે તે જાણવાનું અત્ર પ્રાપ્ત થાય છે. અન્ય પ્રસંગે આ હકીકત યોગ ગ્રંથો અને યોગનાં પદો કેવી રીતે ઉપસ્થિત કરીને રજુ કરે છે તે બતાવવાનો પ્રસંગ હાથ ધરવામાં આવશે, પરંતુ સાધ્યદશા પ્રાપ્ત કરવાને યોગ માર્ગમાં સ્વપર વિવેચન, પરભાવરમણતાનો ત્યાગ, સ્વભાવ આચરણા અને પરિણતિની નિર્મળતા એ મુખ્ય ભાગ બજાવે છે એટલું અત્ર બતાવવાની જરૂર એટલા માટે છે કે જે દશામાં આ જીવ અનાદિ સંસ્કારોને લીધે વર્તતો હોય છે તેમાંથી તેને ઉદ્ધૃત કરવાનો માર્ગ એ છે. યોગના અનેક ગ્રંથો અને પદોનું આ રહસ્યાર્થ લક્ષ્યમાં રાખવાથી સાધ્યમાર્ગ એટલો સરળ બની જાય છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. આ રહસ્યાર્થ ધ્યાનમાં રાખવાની ખાસ જરૂરીઆતપર ભાર મૂકવાનું કારણ એ છે કે જયાં સુધી એક વિષયનું રહસ્ય પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી ઉપર ઉપરના ખ્યાલ કરી વિષય છોડી દેવામાં આવે છે અને આખા વિષયમાં એક મુખ્ય વિચારને વિસ્તૃત વિકાસનું રૂપ આપવામાં આવ્યું છે એમ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેમાં રહેલ આંતર તત્ત્વની ખુબી ન સમજાવાથી આખા વિષયમાં એક મહાન તત્ત્વને વિકસ્વર કરેલ છે એમ સમજાતું નથી અને એમ ન સમજાય ત્યાં સુધી ચોક્કસ ગોઠવણથી અને લક્ષ્ય સ્થાનપર સાધ્ય રાખીને વિષય રચના કરવામાં આવી છે એમ પણ સમજાતું નથી. પરિણામે અવ્યવસ્થિત રચના લાગે છે અને એ વિષય તરફ આકર્ષણ થતું નથી. યોગના ગ્રંથોમાં આ રહસ્યાર્થ છે એ એકવાર સમજાય તો પછી તેમાં આ તત્ત્વ કેવી રીતે સમાવ્યું છે તે શોધવાની જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. હાલ તો આ રહસ્ય પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો પ્રયાસ આ લેખ વાંચનારા બંધુઓ કરશે એવી આશા રાખી અન્ય પ્રસંગે એ તત્ત્વ કેવી રીતે યોગ જ્ઞાનમાં—યોગ વિષયક ગ્રંથોમાં પોષવામાં આવ્યું છે તરફ રંચુ પ્રવેશ કરશું.

મૌક્તિક.

# पांच अभिगम.

જિનમંદિરમાં દર્શન કરવાનો વિધિ જાણવાની દરેક શ્રાવકને માટે અત્યંત આવશ્યકતા છે. વિધિપૂર્વક વંદન કરવામાં આવે તોજ તે પૂર્ણ ફળદાયક થાય છે. વિધિ વિનાનું વંદન છાપ વિનાના રૂપીઆ જેવું છે. તેવો રૂપીઓ જેમ બજારમાં ચાલી શકતો નથી તેમ વિધિ વિનાનું વંદન પણ પૂર્ણ ફળદાતા થઇ શકતું નથી. વિધિ જાણવાના ઇચ્છકે ચૈત્યવંદન ભાષ્ય જોવાનો—શિખવાનો—સાંભળવાનો ખપ કરવો. તેમાં દશ ત્રિક, પાંચ અભિગમ વિગેરે દ્વારોવડે ચૈત્યવંદનનો વિધિ બતાવેલો છે. અહીં તે દ્વારો પૈકી પાંચ અભિગમ સંબંધી દ્વારનું કાંઇક વિવેચન કરવાની ઇચ્છા છે. પાંચ અભિગમ નીચે પ્રમાણે કહેલા છે.

૧ સચિત્ત દ્રવ્ય મુકવું. ૨ અચિત્ત દ્રવ્ય ન મુકવું. ૩ મનની એકાગ્રતા કરવી. ૪ એક સાડી ઉત્તરાસન કરવું ને ૫ પ્રભુ નજરે પડે ત્યારથી અંજળી મસ્તકે લગાડવી. આ પાંચ અભિગમ છે.

સચિત્ત દ્રવ્ય દેરાસરની બહાર તજી દેવું એટલે શરીર શોભાદિ નિમિત્તે ધારણ કરેલ પુષ્પ હાર પ્રમુખ બહાર મુકી દેવા. અંદર લેઇ જવા નહીં. આમાં પ્રભુ પાસે ધરવા માટે લાવેલા શ્રીફળાદિ સચિત્ત પદાર્થો બહાર મુકવાનું સમજવું નહીં.

અચિત્ત દ્રવ્ય બહાર ન મુકવાં એટલે વસ્ત્ર આભુષણાદિ જે શરીર પર ધારણ કરેલ હોય તે બહાર મુકવા નહિ. પરંતુ પોતાના ભોગના પદાર્થો અચિત્ત હોય તો પણ તે બહારજ મુકવા. પાદરક્ષક વિગેરે પણ બહાર મુકવા—અંદર લાવવા નહીં. ગઢની અંદર પાદરક્ષક લાવવા તે દશ મોટી આશાતના પૈકીની એક આશાતના છે.

મનની એકાગ્રતા કરવી આ ખાસ આવશ્યક્તાવાળું અભિગમ છે. ચિત્ત જ્યાં ત્યાં ભટકતું હોય તો જિનદર્શન શેનું થાય? લોકો જાણે કે ભાઇ દર્શન કરવા ગયા છે પણ એમણે તો પ્રભુની મુદ્રા પણ પુરી અવલોકી નથી—જોઇ નથી, દર્શનનો હેતુ વિચાર્યો નથી, પ્રભુના ગુણોનું ચિંતવન કર્યું નથી, તેની અભિલાષા કે પ્રાર્થના કરી નથી, આત્મનિંદા કરવા તરફ ચિત્ત પણ ગયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ાથી, પોતાના દોષ દૂર કરી પરમાત્મ દશા પ્રાપ્ત કરવાની આવશ્યકતાજ ધ્યાનમાં આવી નથી. તેણે તો માત્ર ફેરો માર્યો છે; દર્શન કર્યો નથી. માટે પ્રભુ દર્શન કરતાં ચિત્તની એકાગ્રતા અવશ્ય કરવી.

ચોથું અભિગમ એક વસ્ત્રનું ઉત્તરાસન કરવું તે છે. આ ઉત્તરાસન શ્રાવકપણાની નિશાની છે. ઉપવીત સંસ્કાર જે આચારદિનકરમાં શ્રાવક માટે બતાવવામાં આવેલ છે તેનું અવશિષ્ટ ચિન્હ છે. ભૂમિ પ્રમાર્જન કરવા માટે તેમજ બોલતી વખત મુખ ઢાંકવા માટે ખાસ ઉપયોગી છે. એ શિવાય જિનવંદન વિધિયુક્ત થતુંજ નથી. દિલગિરીનું કારણ એ બન્યું છે કે નવા જમાનાના કોટપાટલુન પહેરનારા અથવા માત્ર કોટ કે ટોપી પહેરનારા ઉત્તરાસન માટે વસ્ત્ર પાસે રાખતાજ નથી. એમાં શરમ જેવું સમજે છે, તેને નિરર્થક ભારરૂપ માને છે, તેથી આ અભિગમ તો તેનાથી જળવાઇ શકાતુંજ નથી. આ બાબત વિધિપૂર્વક જિનદર્શન કરવાના ઇચ્છકે ધ્યાનમાં લેવા જેવી છે ને તેમાં પ્રવૃત્તિ કરવા યોગ્ય છે. મુંબઇ શહેરમાં પ્રાયે ખેસ રાખવાનો રીવાજ ઓછો છે છતાં દર્શન કરવા જતી વખતે ખાસ ખેસ રાખનારા વિવેકી શ્રાવકો જોવામાં આવે છે. નવી રોશનીવાળાએ તેનો દાખલો લેવા યોગ્ય છે. કારણ કે શાસ્ત્રમાં પાંચ અભિગમ જાળવવાના કહેલા છે, તે હવે કોઇ રીતે ચાર થઇ શકે તેમ નથી. માટે ગમે તેમ કરીને પણ ઉત્તરાસન રાખવાની આવશ્યકતા છે. તેની કેટલી જરૂર છે તે ઉપર બતાવવામાં આવેલ છે.

પાંચમું અભિગમ પ્રભુ નજરે પડે કે તરત મસ્તકે અંજળી કરવી તે છે. પ્રભુ નજરે પડ્યા પછી બીજી તમામ વાત--સર્વ ક્રિયા તજી દઇ પ્રભુ સામી દૃષ્ટિ સ્થાપન કરી બે હાથ મસ્તકે લગાડવાના છે. આમાં ગફલત કરનાર પ્રભુનો અનાદર કરે છે. તે મહા આશાતના છે. પ્રાયે પ્રભુની દૃષ્ટિએ રહેવામાં આવે ત્યાંસુધી હાથ જોડીજ રાખવાના છે.

આ પાંચ અભિગમ સર્વને માટે સામાન્ય છે. વિશેષમાં રાજા મહારાજા માટે છત્ર, ચામર, મુકુટ, ખડગ, અને મોજડી બહાર મુકી દેવી—દૂરથી તજી દેવી એ પાંચ ખાસ અભિગમ છે. સામાન્ય શ્રાવકોએ તેને સ્થાને છત્રી, શીરબંધ બાંધેલ હોય તો તે, લાકડી વિગેરે અને બુટસ્ટોકીંગ બહાર મુકી દેવાના છે.

આ લેખ ખાસ કરીને ચોથા અભિગમને અંગેજ લખવામાં આવેલ છે પરંતુ પ્રસંગે અન્ય હકીકત પણ ઉપયોગી હોવાથી બતાવવામાં આવેલ છે. શ્રાવક ભાઇઓએ અને બહેનોએ નિરંતર વિધિનોજ ખપ કરવાની જરૂર છે. શ્રાવિકાઓ માટે આ ચોથું અભિગમ નથી તેથી કોઇએ તેનો દાખલો લેવો નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે તેનું જાતિત્વ ભિન્ન છે. ધર્મમાં પુરૂષની પ્રાધાન્યતા છે તેથી સર્વ હકીકત પ્રાયે પુરૂષને ઉ શીનેજ શાસ્ત્રમાં લખવામાં આવેલ છે. ઇત્યલમ્.

# तीर्थयात्रा प्रसंग.

જૈનતીર્થયાત્રાનો પ્રસંગ પૂર્વ પુણ્યના ઉદય વડેજ પ્રાપ્ત થાય છે. તેથી અનેક પ્રકારના લાભ થાય છે. તીર્થ સ્થળોએ ઉત્તમ મુનિમહારાજાનો તેમજ સુજ્ઞ શ્રાવકોનો સમાગમ થાય છે. તેમના સમાગમથી જૈન ધર્મના તત્વો, શ્રાવકપણાનું કર્ત્તવ્ય, તીર્થયાત્રાની આવશ્યકતા, તીર્થ સ્થળે કરવાની કરણી વિગેરે સમજી શકાય છે અને ઉત્તમ જીવોનું અનુકરણ થાય છે. ત્યાં વાતાવરણ શુદ્ધ હોવાથી માનસિક વિચારો સુધરે છે—સુંદર થાય છે, વિષયવાસના નાશ પામે છે, ઉદારતા જાગૃત થાય છે, તપસ્યા કરવાની વાંચ્છા થાય છે, સુપાત્રે દાન દેવાની બુદ્ધિ થાય છે, પરમાત્માની ભક્તિમાં તલ્લિનતા થાય છે, અવકાશનો સદુપયોગ થાય છે, દેવદ્રવ્યની વૃદ્ધિ કરાય છે, તીર્થ સ્થળની પવિત્રતા જળવાઇ રહે તેવા વિચારો આવે છે ને તેને અંગે જરૂરના પ્રયત્નો કરાવાય છે. આ પ્રમાણે અનેક પ્રકારના લાભ તીર્થયાત્રાથી થાય છે. તેથી ઉત્તમ જીવોએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દર વર્ષે એક વાર તો અવશ્ય તીર્થયાત્રા કરવી અને તે પ્રસંગે લઇ શકાતો લાભ અવશ્ય લેવો.

તીર્થયાત્રા કરતાં આગેવાન ગણાતા શ્રાવકની ફરજ અન્ય સામાન્ય શ્રાવકો કરતાં વિશેષ છે. કારણ કે તેના મહત્વપણાથી કેટલાંક કાર્ય થઇ શકે છે. તેની વધારાની ફરજ એ છે કે તેણે તીર્થ સ્થળમાં કાંઇ આશાતના થતી હોય તો તે દૂર કરવા માટે યથા યોગ્ય પ્રયત્ન કરવો. કે કરાવવો. યાત્રાળુના ભાવમાં વૃદ્ધિ થાય તેવા સાધનો યોજવાં. તીર્થદ્રવ્યની વ્યવસ્થા કેવી થાય છે તે તપાસવું. જો કાંઇ પણ અવ્યવસ્થા થતી હોય તો તેને માટે તાત્કાળિક યોજના કરવી યા કરાવવી. આ ફરજો અવશ્ય બજાવવા યોગ્ય છે. સામાન્ય યાત્રાળુઓની જેમ તેણે ભક્તિ પૂજાદિ કરીને આશાએસ લેવાની નથી. આગેવાનોએ આ સૂચના ખાસ લક્ષમાં રાખવી.

પ્રસ્તુત વર્ષમાં યાત્રા પ્રસંગનો લાભ મળતાં તે પૈકીના કેટલાક તીર્થો સંબંધી કેટલીક હકીકત ખાસ જૈન બંધુઓના લક્ષપર લાવવા યોગ્ય જણાઇ છે, તે સાથે કેટલીક બાબત તેના વહીવટ કર્ત્તાઓને સૂચના આપવા યોગ્ય લાગી છે, જે આ નીચે પ્રગટ કરવામાં આવી છે. તેમાંની કેટલીક યોગ્ય માણસોને તરતમાં પણ બતાવવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગીરનારજી.

આ તીર્થે હાલમાં નવીન ઉપદ્રવ બંધ પડ્યો છે. મરામતનું કામ ચાલવા લાગ્યું છે પરંતુ તે મોટા પાયા ઉપર લેવાની જરૂર છે. ઘણા દેરાસરો જીર્ણ સ્થિતિને પામી ગયા છે. દેરાસરજીના ચોક વિગેરે સુંદર પાષાણથી બંધાવવા યોગ્ય છે. પૂજા વિગેરેની વ્યવસ્થા ઠીક ચાલે છે. રાત્રિનિવાસ બનતા સુધી ન કરવામાં આવે તેજ પસંદ કરવા યોગ્ય છે. આશાતના જેમ અલ્પ થાય--ન થાય તેમ તીર્થયાત્રા વધારે ફળદાયક થાય છે. ચામડાના પાદરક્ષક પણ ઉપર ચડતાં વાપરવા યોગ્ય નથી. (જરૂર જણાય તો કંતાનના વાપરવા). આ પ્રવૃત્તિ દિન પરદિન ઘટાડવા જેવી છે--ઘટતી જાય છે. યાત્રાળુની સંખ્યા રેલવેના સાધનથી વધારે થવા લાગી છે. આ તીર્થ શત્રુંજય જેટલાજ મહત્વવાળું છે છતાં કેટલાક કારણથી તેમાં ઓછાશ થઈ ગયેલી છે. હાલમાં હવે પાછો ભક્તિનો ઉદય થતો લાગે છે.

## ભોયણી.

આ તીર્થની મહત્વતા દિન પરદિન વધતીજ છે. પાનસરનું તીર્થ નવું થવાથી ઉપજમાં કાંઈક ભાગ પડ્યો છે પરંતુ દ્રવ્ય એકઠું કરી રખાતું ન હોવાથી--જીર્ણોદ્ધારમાં તેનો વ્યય થતો હોવાથી લોક લાગણી ત્યાં દ્રવ્ય આપવા તરફ આકર્ષાયેલી છે.

પૂજા કરનાર માટે ઉના પાણીની સગવડ થવાની જરૂર છે.

## તારંગાજી

આ તીર્થની યાત્રા કરવાનું હવે બહુ સરલ થઈ ગયું છે. મેસાણાથી વીસનગર વડનગર તરફ જતી લાઇનમાં છેલું સ્ટેશન તારંગાહીલનુંજ કરવામાં આવ્યું છે. માત્ર છ આનાજ ભાડા છે; એક નાની સરખી ધર્મશાળા જસતના પત્રાંઓથી કરવામાં આવી છે પરંતુ મેળાના દિવસોમાં તેની અંદર બીલકુલ સમાસ થતો નથી. રેલવે આગળ લંબાવાની હોવાથી વધારે ખર્ચ કરવામાં આવતો નથી. સ્ટેશનથી પર્વતે જતાં એક કલાક લગભગ લાગે છે. રસ્તો રેતાળ છે. પર્વતની તળેટીમાં હવે યાત્રાળુઓને ભાતું આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

તળેટીથી ઉપર પહોંચતાં અરધો કલાક માત્ર લાગે છે. આ તીર્થ ઉપર કુમારપાળ રાજાએ બંધાવેલું શ્રી અજિતનાથજી મહારાજનું અતિ ઉચ્ચ અને સુંદર દેવાલય છે. તેની ફરતાં બીજા નાના નાના પણ ૪--૫ દેરાસરો છે. ફરતો કોટ છે. પરંત તેની અંદર પારાવાર આશાતનાના કારણો ઉદ્ભવેલા દૃષ્ટિગોચર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. પગરખાં લાવવાનું, નહાવાનું, વાસણ ગોદડા રાખવાનું, રાત્રે રહેવા ખાવાપીવાનું અને તેવુંજ બીજું કાર્ય જે કે ગઢની અંદર ન થવું જોઈએ ફુટથી થાય છે. તેના નિવારણ માટે ખાસ ઉપાય એજ છે કે દેરાસરની ફર જુદું કંપાઉન્ડ કરી લેવું. અંદર જગ્યા ઘણી વિશાળ હોવાથી તે થઈ શ તેમ છે. એવું કંપાઉન્ડ થાય તો પછી તેની અંદરનો ચોક આરસ બાંધી સુશોભિત કરવાની જરૂર છે. આ કાર્ય તેના વહીવટ કર્તાઓએ ઘણી તાકી હાથ ધરવાની જરૂર છે. તેના મુનિમ વિગેરેને એ બાબત સૂચના પણ કરેલી

વાંદરાઓનો ઉપદ્રવ આહીં બહુ હોવાથી શિખર ઉપર અને ચોકમાં તે બહુ બગાડી મુકેછે. તેને માટે પણ કાંઈક ઉપાય કરવાની જરૂર છે. આ સિવ બીજી કેટલીક નાની નાની સુધારણાઓ કરવા યોગ્ય લાગી છે તે ત્યાં સૂચવવા આવી છે.

### પાનસર

આ તીર્થ અહીંઆ શ્રી મહાવીર સ્વામીના બિંબ જમીનમાંથી નીકળવ થયું છે. બિંબ અપૂર્વ છે. દર્શન કરવા લાયક છે. સ્ટેશન નવું નજીકમાં થયું પ્રથમનું દેરાસર ઘણું નાનું હોવાથી આ બિંબ પધરાવવા માટે નવું દેરાસર ધાવવાનું મુકરર થઈ ગયું છે. જમીન ખરીદવામાં આવી છે. લાયણી પ્રમા દેરાસર અને ફરતી ધર્મશાળા બાંધવી ઠરી છે. યાત્રાળુ પુષ્કળ આવે છે. આવક સારી થઇ છે અને શરૂ છે. અધિષ્ઠાયકની જાગૃતિ વધારે જણાય છે.પ્રથમનું દેરા પુરૂં કરતાં મુશ્કેલી પડી હતી ત્યારે આ બિંબ નીકળ્યાં પછી એવા બે ચાર દેરા બંધાય તેટલી રકમ સહેજે આવી મળી છે. અમદાવાદ ને મેસાણાની મધ્યમાં વેલ હોવાથી જવાની અનુકુળતા છે.

# श्री जैन कोन्फरन्स.

આ મંડળની આવશ્યકતા અનેક કારણોથી સિદ્ધ થયેલી છે. ગમે તેટલા બ પણ તે મંડળ વર્ષે યા બે વર્ષે મળવાથી બહુ જાતના ફાયદા છે. કોઈ પણ પ્રાં ની સરકાર પાસેથી કે દેશી રાજ્યો પાસેથી દાદ માંગવા માટે આવા મંડળની છે. કોમમાં એક સંપ થવા માટે તે પ્રબળ કારણભૂત છે. હાલમાં કેટલાએક પ્ર કુળ સંયોગોથી તેને માટે લાંબો વખત વ્યતિત થઈ ગયેલો છે. હવે કોઈ પણ પ્ર ઉપાધિઓને શાંત કરી મુંબઈમાં યા અન્ય સ્થળે એકત્ર મળવાની ખરેખરી અ શ્યકતા છે. કોમની અંદર દાખલ થયેલ કુસંપ કે અવ્યવસ્થા તે દ્વારાજ દુર શકવાનો સંભવ છે. આગેવાનોના દિલમાં જ્યાંસુધી એ મંડળની આવશ્યકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ તો ઢાંકણા ન કરવાં સારાં છે. આ હકિકત પણ ધ્યાન બહાર [illegible] નથી.

છેવટે બહુ નાના કળશો કરાવવાની બાબતમાં તો કહેવાની જરૂરજ છે કે તેમાં તો એકાંત હાની જ છે, માટે તેવા નાના કળશવડે અભિષેક કરવા કરતાં તો ટબુડી વડે કરવો તેજ ઠીક છે. નાના કળશમાં તો કોઈ પ્રકારની જયણા થઈ શકતી નથી.

આ હકિકત દરરોજના કર્ત્તવ્યને અંગે હોવાથી જૈન બંધુઓએ પૂરતું ધ્યાન દેવાની આવશ્યકતા છે. આશા છે કે વિવેકી બંધુઓ આ લેખ પર લક્ષ આપી તેના પર પોતાના વિચાર જાહેર કરશે.

# हालमां थता स्वामीवच्छल.

## ( જયણાની ઘણી જરૂર )

સહધર્મી—એક ધર્મ પાળનાર—જૈનબંધુ **સ્વામી** કહેવાય છે. તેની વત્સલતા—ભક્તિ કરવી તે **સ્વામી** વચ્છલ કહેવાય છે. આવી ભકિત પર્વ દિવસોએ વધારે કરવામાં આવે છે. નાની યા મોટી તપસ્યાને કે પોસહને પારણે સ્વામીવચ્છલ કરવાની પ્રવૃત્તિ વિશેષ હોય છે એ સર્વમાં સંવચ્છરીને પારણે સ્વામીવચ્છલ કરવાની પ્રવૃત્તિ અગ્રપદ ધરાવે છે. બીજા સ્વામી વચ્છળ થાઓ કે ન થાઓ પણ સંવત્સરીને પારણે તો ગમે તે રીતે સ્વામીવચ્છલ કરવામાં આવે છે.

પર્યુષણના આઠ દિવસને પ્રાંતે આ સ્વામીવચ્છળ કરવામાં આવતું હોવાથી તેને માટે પકવાન વિગેરેની સગવડ વહેલાંથી કરવી પડે છે, જેઓને પૈસા સંબંધી સગવડ કરવી પડે તેમ હોતું નથી, કોઈ જમાડનાર હોય છે અથવા વ્યાજની પૂરી ઉત્પત્તિ હોય છે ત્યાં તો પ્રથમથી બધી ગોઠવણ થાય છે પણ જ્યાં તેવી પૂરતી સગવડ હોતી નથી ત્યાં અમર પળાવવાના, આરંભ બંધ કરવા કરાવવાના તેમજ તપસ્યાદિક વડે આરાધન કરવાના મહા મંગલકારી દિવસોએ તે સંબંધી ચર્ચા, ખટપટ, મહેનત, ખરડા અને તેને પરિણામે સ્વામી વચ્છળનું મુકરર થતાં પકવાન તેમજ અનાજ વિગેરેની તજવીજ કરવામાં આવે છે. કેટલેક અંશે પર્વનું આરાધન કરવાને બદલે વિરાધન કરવા જેવો દેખાવ પણ થાય છે.

પર્યુષણ પહેલાં કરો કે પછી કરો યા મધ્યમાં કરો પણ સ્વામી વચ્છળની અંદર જયણાની મુખ્યતા હોવીજ જોઈએ. જો કે જેટલો વખતનો અવકાશ વધારે એટલી જયણા વધારે પળે અને અવકાશ ઓછો તેટલી ઓછી પળે એ ખરી વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પણ કેટલીક વખત સ્વામી વચ્છળ કરનારની જયણા તરફ ઓછી નજર હોય છે તો વધારે અવકાશ છતાં પણ પૂરી જયણા પળતી નથી અને જયણા તરફ વધારે આદરવાળા કરનાર હોય છે તો ઓછે અવકાશે પણ જયણા સારી પળે છે. જયણા શિવાય કરવામાં આવતા સ્વામીવચ્છળમાં કદિ કોઇ એમ ધારે કે ઓછુ ફળ મળતું હશે પણ વખત પર એટલે સુધી ધ્યાન રાખવાની જરૂર છે કે લાભ ને બદલે ટોટો પણ થઇ પડે ખરો.

હવે કઇ કઇ બાબતમાં ખાસ જયણા રાખવાની જરૂર છે તે ટુંકામાં આ નીચે બતાવવામાં આવે છે—

૧ પકવાન કરવામાં, રસોઇ કરવામાં, પીવામાં અને છેવટે એઠવાડ કાઢવામ જેટલું પાણી વાપરવામાં આવે તે બધું સારી રીતે ગળીને વપરાય અને તેનો સંખારો યોગ્ય રીતે લઇને યોગ્ય ઠેકાણે મોકલાવાય.

૨ પકવાન કરવાની ચૂલ્ય અને રસોઇ કરવાની ચૂલ્ય પુંજી પ્રમાર્જીને વાપરવામાં આવે, કોઇ પણ પ્રકારના ત્રસ જીવની વિરાધના ન થાય.

૩ પકવાન કરવામાં અને રસોઇ કરવામાં જે કાષ્ટ વાપરવામાં આવે તે તદ્દન સુકાં અને ફુગી વિનાના તેમજ જીવજંતુ વિનાના જોઇએ તેમજ તે પુંજી તેમજ ખંખેરીને વપરાવા જોઇએ.

૪ પકવાનમાં વપરાતા પદાર્થો–ઘી, સાકર, ને લોટ વિગેરે તેમજ રસોઇ કરવાના પદાર્થો–ચોખા, દાળ, શાક અને મસાલો વિગેરે પ્રથમથી બરાબર જોઇ તપાસીને શુદ્ધ કરી રાખવા ને વાપરતી વખત પાછા તપાસ્યા પછી ઉપયોગમાં લેવા.

૫ તૈયાર થયેલ રસોઇ ને પકવાન વિગેરે સારી રીતે ઢાંકીને મુકવા. ઉઘાડા રાખવાથી ઉડતા જીવો તેમાં પડે છે ને વિરાધના થાય છે અથવા કીડી મંકોડા વિગેરે ચડી જાય છે.

૬ જમતી વખત પીરસનારની છુટ રાખી જોતું પીરસવું. જમનારને ઉઠવા ન દેવા. જેથી વસ્તુ વધારે ન બગે. એઠું ન પડે અને એઠાંમાં થતી સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ ન થાય.

૭ ખાવાના વાસણ ધોઇને નાખવામાં આવતું એઠું લીલી લેવાને માટે પુરતાં વાસણો રાખવા કે જેથી જમીન પર એઠું ન પડે અને તેની વ્યવસ્થા ચાત્રે ને રાત્રે જનાવરને પાઇ દેવા વિગેરેમાં થઇ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપુરી વસે નહીં ત્યાંસુધી એ કે એ મંડળ એકત્ર થઇ શકે તેમ નથી પરંતુ આગેવાન ગૃહસ્થોએ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી પરિણામે અવશ્ય કોમનું હિત કરનાર આ મંડળ કાયમ રહે અને નિયમિત રીતે અમુક મુદતે મળ્યા કરે તેમજ તેની ઓફીસ નિર્વિઘ્ને ચાલ્યા કરે એવો પ્રબંધ કરી આપવાની જરૂર છે. આશા છે કે તેઓ આ વિનંતી પર લક્ષ આપશે

---

'વિદ્યાચંદ્ર અને સુમતિ' (ભાગ ૧) નામના પુસ્તકને અંગે લેખક શા. શિવજી દેવશી તથા પ્રકાશક શા. મેઘજી હીરજીએ પોતાની ગંભીર ભૂલ માટે આપેલું

## માફી પત્ર.

પુજ્ય માતુશ્રી ગંગામા ઉરફે નાનબાઇ તથા શેઠ મુલજી ઘેલાભાઇ તથા હીરજી ઘેલાભાઇ જોગ લી. શા. શીવજી દેવશી તથા મેઘજી હીરજી. જત આથી અમો જણાવીએ છીએ કે અમારી લખેલી તથા પ્રસિદ્ધ કરેલી "વિદ્યાચંદ્ર અને સુમતિ" નામની ચોપડીમાં, 'દુરજનતાનો વિકાશ' એ મથાળાવાળું પ્રકરણ ૧૯મું મુકેલ છે, તેમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતમાં, 'દાહેલી ડોશીનું ઘર' એ વિષે જે લખાણ લખવામાં આવ્યું છે, તેમાં જે અંગત ટીકાઓ કરવામાં આવી છે તે આપને માટે કે આપના કોઇ સંબંધીનાં માટે લખેલ નથી એમ અમો પ્રતિજ્ઞાપૂર્વક આએ લખાણથી જાહેર કરીએ છીએ. અને તે છતાં આપને કે બીજા કોઇને એમ લાગતું હોય કે એ લખાણ અમોએ તમારા માટે કે તમારા કોઇ સંબંધી માટે લખેલું છે તો તેના માટે અમો ઘણાજ દીલગીર છીએ. અને અમારી થયેલ ગંભીર ભૂલથી આપની આબરૂને જે નુકશાન પહોંચ્યું છે તે માટે અમો આપ સરવેની મન વચન અને કાયાથી માફી માગીએ છીએ. અને આએ અમારો માફી પત્ર મુંબઇ સમાચાર, સાંજવર્તમાન, જૈન સમાચાર, જૈનમિત્ર, જૈનધર્મ પ્રકાશ તથા આનંદમાં તથા છુટા હેન્ડબીલ દ્વારા અમારે ખર્ચે છપાવવાની તમોને છુટ તથા સત્તા આપીએ છીએ.

વળી આ બાબતના અંગે તમોને થએલ ખરચ બદલ રૂ. ૩૦૦ )અંકે ત્રણસો તથા તમોને યોગ્ય લાગે તેવા પરમારથના કાર્યમાં ખર્ચવા રૂપીઆ ૧૦૧)અંકે એકસો ને એક મળી રૂા. ૪૦૧)અંકે ચારસોને એક આએ માફીપત્ર સાથે તમોને મોકલવાની રજા લઇએ છીએ, જે સ્વીકારી અમોને આભારી કરશોજી. વલી મજકુર ચોપડીમાંથી ઉપર જણાવેલ ઓગણીસમું પ્રકરણ દુર કર્યા વગર હવેથી અમો એક પણ નકલ કોઇને પણ ભેટ આપીએ નહિ કે વેચીએ નહિ. અને જો તેમ કરીએ તો તમોને યોગ્ય જણાએ તેવા પગલાં તમે અમારી સામે લેઓ. આએ લખાણ અમોએ અમારી રાજીખુશીથી અક્કલ હુશીઆરીથી શુદ્ધબુદ્ધિથી વાંચી સમજીને કીધું છે તે અમોને તથા અમારા વારસ વકીલને કબુલ મંજુર છે. સં. ૧૯૬૮ના પોષ વદ ૪ વાર સોમે તા. ૮ મી જાનેવારી ૧૯૧૨ દા. શા લીલાધર લખમશી.

શાક્ષી—(સહી) જેઠાભાઈ નરસિંહ. (સહી.) શા. શિવજી દેવસિંહની સહી દા. પોતે
[ Sd ] Lakhamsey H. Meishori (સહી.) શા. મેઘજી હીરજીની સહી દા. પોતે
„ Velji Anandj Meisheri

For Private And Personal Use Only